# વાયડામિત્ર

વર્ષ : ૯૯ અંક : ૪ એપ્રિલ - ૨૦૨૧

કિંમત રૂા. ૩૦/- (વાર્ષિક)



હોળી ઉત્સવ : શ્રી રાકેશ પરીખ : અમદાવાદ

*With best Compliments From*

# SHREE VAYAD GROUP OF COMPANIES










**Shree Vayad Construction Corporation, Mumbai**

**Shree Samirinandan Projects Pvt.Ltd., Mumbai**

**Shree Vayad Developers, Nasik.**

**Shree Vayad Engineering, Nasik**

**Shivshakti Construction, Amravati**

**Trupti Rajendra Shah**
**Rahul Shah**

**Bipin Shah**
**Geeta Shah**
**Dhaval Shah**

**Jitendra Shah**
**Sunita Shah**

7, Badeshwar Building. Opp. One up Store, Rajawadi, M.G. Road, Ghatkopar (East), Mumbai 400 077. Tel : +91 22 21027687 E-mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત–૧૯૭૭ માસ : મહા – માર્ચ, ઈ.સ. ૧૯૨૧

એપ્રિલ - ૨૦૨૧, પ્રત–૧૧૨૬, વર્ષ–૯૯, અંક–૪

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in

### સંચાલક ટ્રસ્ટી મંડળ


| | | |
|---|---|---|
| શ્રી શશાંકભાઈ આઈ. શાહ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી ધીરેનભાઈ કે. પરીખ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી સુનીલભાઈ આર. શાહ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ એન. પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ એસ. શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી અને સહમંત્રી |
| શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ એસ. શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પી. શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ | મુંબઈ | ટ્રસ્ટી |


**માનદ્ તંત્રી અને પ્રકાશક : શ્રી શ્રેણીકભાઇ એન. પરીખ**

બી–૭, શ્રી સિદ્ધિ ડુપ્લેક્ષ, એપોલો હોસ્પિટલ સીટી સેન્ટર પાસે,

પરિમલ ગાર્ડન નજીક, આંબાવાડી, અમદાવાદ–૩૮૦૦૦૬.

ફોન નં.: ૯૭૨૪૪૪૮૧૪૯ (સાંજે ૭.૦૦ પછી) ઈમેઈલ : snp4758@gmail.com

**વ્યવસ્થાપક : હર્ષ નિખિલ પરીખ**

૨૧–એ, જય જિનેન્દ્ર ટાવર, અંકુર સ્કૂલની સામેના ખાંચામાં,

જૈન મર્ચન્ટ સોસાયટી પાસે, પાલડી, અમદાવાદ – ૩૮૦૦૦૭

Mobile (What's app only) : ૯૪૨૭૯ ૫૪૯૬૮ ઈ–મેઈલ : hnparikh98@gmail.com

### મેમ્બરશીપ લવાજમ

**ભારતમાં:** રૂ.૩૦/–(સામાન્ય), રૂ.૧૦૦૧/–(આજીવન), રૂ.૨૫૦૧/–(પેટ્રન), **વિદેશમાં** : રૂ. ૫૦૦૧/–

સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ શ્રી નિશીથભાઈને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે. ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust

Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.

Savings A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

સુજ્ઞ જ્ઞાતિજનો અને વાયડ માતાજીના ભક્તો,

જય માતાજી,

**વિષય : વાયડ સંઘ – ૧૬ એપ્રિલ – ૨૦ એપ્રિલ ૨૦૨૧**

આપ સૌ જાણો છો તેમ ફરી પ્રસરી રહેલા કોરોના વાઈરસના સંક્રમણને ખાળવા ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ તરફથી સમયાંતરે જાહેરનામું જારી કરવામાં આવે છે અને જાહેરનામાનો અમલ કરવા – કરાવવાની આપણા સહુની કાયદેસરની ફરજ પણ છે. આ અંગે ટ્રસ્ટીઓની ફોન દ્વારા સહમતી લઈ સર્વાનુમતે નક્કી કર્યા મુજબ અને સરકારશ્રીના આદેશનું પાલન કરવા આપ સહુને વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા તરફથી નીચે મુજબ જણાવવામાં આવે છે.

૧. ગત વર્ષ પ્રમાણે, આ વર્ષે પણ જ્ઞાતિના પરંપરાગત ચૈત્ર માસના સંઘનું નક્કીકરેલ આયોજન રદ્દ કરવામાં આવે છે. જેની સાથે જ ચોકીઓમાં રહેવાની તથા રસોડા અને ભોજનની વ્યવસ્થાઓ પણ રદ થઈ જાય છે.

૨. તા. ૧૬મી એપ્રિલ થી ૨૦મી એપ્રિલ ૨૦૨૧ સુધીના સમયગાળામાં વાયડ સંસ્થાન પરીસરમાં એક સાથે વધુમાં વધુ ૫૦ વ્યક્તિઓની બેચને લાઈન સિસ્ટમથી **ફક્ત દસ મિનિટ માટે માતાજીના દર્શન કરવા જ** પ્રવેશ આપવામાં આવશે. એક વ્યક્તિને એક જ વખત પ્રવેશ આપવામાં આવશે. ચૈત્ર સુદ છઠ્ઠ, તા. ૧૮મી એપ્રિલ ૨૦૨૧ના રોજ મંદિરના પુજારી દ્વારા હવન, આરતી તથા વરઘોડાનું આયોજન કરેલ છે. આ માટે પુજારીજીને બંદોબસ્ત માટે સંસ્થાનાં ટ્રસ્ટીઝ, સંસ્થાએ નીમેલા જ્ઞાતિના વોલન્ટિયર્સ અને બહારની સિક્યોરીટી એજન્સીના ગાર્ડ્સને આ વ્યવસ્થામાં સંપૂર્ણ સહકાર આપવા સૌને વિનંતી છે.

૩. માતાજીના હવન, આરતી તેમજ અન્ય સર્વે ઉછામણીઓ મોકુફ રાખેલ છે તથા માતાજીનો વરઘોડો સંસ્થાન પરીસરની અંદર જ ચૈત્ર સુદ – ૬ ને તા. ૧૮–૪–૨૦૨૧ના રોજ ફરશે.

૪. વાયડ સંસ્થાન તથા મંદિરે આવતા શ્રદ્ધાળુઓએ પોતાની તથા બીજાઓના આરોગ્યની સુખાકારી અને સલામતી જાળવવી અને સરકારશ્રીના કાયદાઓનું પાલન કરવું – કરાવવાનું રહેશે.

૫. આવનાર દર્શનાર્થીએ માસ્ક પહેરીને જ આવવું તેમ જ કેમ્પસમાં દાખલ થતાં પહેલા ગેટ પર રાખેલ સેનીટાઈઝરથી હાથ સાફ કરીને જ પ્રવેશ કરવો.

૬. ૬૦ વર્ષથી મોટા તેમજ ૧૦ વર્ષથી નાની વ્યક્તિઓએ નહીં આવવા વિનંતી છે.

૭. શક્ય હશે તો હવન તથા વરઘોડાના ઓનલાઈન દર્શનની વ્યવસ્થા કરવામાં આવશે અને તે અંગે જી.સી.વી. વોટ્સએપ દ્વારા જાણ કરવામાં આવશે.

સૌની સુખાકારી તથા સ્વસ્થ આરોગ્ય માટે ઉપરોક્ત સૂચનોનો ચુસ્ત અમલ કરવો જરૂરી છે.

**વાયડા વણિક શ્રી વાયક સંસ્થા વતી,**
**રમેન્દ્ર જે. પરીખ**
**પ્રમુખ**

## વાયડસંઘ પર કોરોનાનું ગ્રહણ

વાયડસંઘના એકસો ઓગણસિત્તેર વર્ષોના ઈતિહાસમાં બીજી વાર વાયડ સંઘ બંધ રહ્યો છે. ગયા વર્ષે ૨૦૨૦માં કોરોનાની મહામારીના કારણે જ સંઘ રદ કરવાની ફરજ પડી હતી.

વાયડનો સંઘ દરેક જ્ઞાતિજન માટે ઉત્સાહના સંચાર સમો હોય છે. જ્ઞાતિજનો વર્ષના આ પાંચ દિવસ માટે ત્રણસો સાઈઠ દિવસ સુધી રાહ જોતા હોય છે. આ વર્ષે વાયડ સંઘ માટે ખૂબ જ ઉત્સાહ હતો પણ સંઘ રદ થવાને પરિણામે જ્ઞાતિજનો નિરાશ થયા છે. જો કે છેલ્લા દિવસો સુધી વાયડ સંઘ અંગેનું રહસ્ય અકબંધ હતું.

ચંદનબહેન વલ્લભદાસ મોહનલાલ શાહ (કડીવાળા) પરિવારના જય શ્રી કૃષ્ણ.

પ્રવર્તમાન સંજોગોમાં વાયડમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનો એકઠા થાય તે હિતાવહ નથી. સરકારી ગાઈડલાઈનની રાહ જોયા વગર સંખ્યાબંધ ધાર્મિક અને સાંસ્કૃતિક જાહેર કાર્યક્રમો રદ થઈ રહ્યા છે, ત્યારે વાયડ સંઘ રદ કરવો એ જ ઉચિત છે.

ગત વર્ષની જેમ આ વર્ષે પણ હવન તો સંપન્ન થશે જ પણ જ્ઞાતિજનોએ તેના ફોટા તેમજ વિડીયો જોઈને સંતોષ માનવો પડશે અને તે દ્વારા માતાજીના દર્શન થઈ શકશે. પાંચ દિવસમાં જૂજ સંખ્યામાં જ્ઞાતિજનો વાયડ જઈ માતાજીના દર્શન કરશે. જો કે માસ્ક પહેરવું તેમ જ સોશ્યલ ડીસ્ટન્સીંગનાં નિયમોનું પાલન કરવું અતિ આવશ્યક રહેશે.

સામાન્ય સંજોગોમાં ચૈત્ર સુદ છઠ્ઠના દિવસે દર્શનાર્થીઓની સંખ્યા વધી જાય છે. વળી આઠમનાં દિવસે વરઘોડામાં આખું ગામ ઉમટી પડે છે એટલે કોરોનાની ગાઈડલાઈન્સનું પાલન કરવું અતિ મુશ્કેલ બની રહે છે.

નસીબજોગે, પ્રાપ્ત સમાચાર અનુસાર, વાયડમાં એક પણ કોરોનાનો કેસ નોંધાયો નથી. ગ્રામજનોએ આ માટે પૂરતી તકેદારી પણ લીધી છે.

દરમ્યાન, તાલુકા પંચાયતની ચૂંટણીમાં વાયડની સીટ પર ભારતીય જનતા પક્ષના માડનજી ઠાકોર આગામી પાંચ વર્ષ માટે ચૂંટાયા છે. તેઓ માતાજીના ભક્ત છે. આ ઉપરાંત સંસદસભ્ય તરીકે બિનહરીફ ચૂંટાયેલા ભારતીય જનતા પક્ષના દિનેશભાઈ અનાવડિયા પણ માતાજીના ભક્ત હોવાથી દર્શન કરવા પધાર્યા હતાં.

હાલ રસીકરણની પ્રક્રિયા ચાલુ છે. સીનીયર સીટીઝન્સે કોરોનાની રસીનો પ્રથમ ડોઝ લઈ લીધો છે. ૪૫ થી વધુ ઉંમરના નાગરિકોનું રસીકરણ શરુ થઈ ગયુ છે.

હવે વાયડસંઘ માટે જ્ઞાતિજનોએ એપ્રિલ ૨૦૨૨ સુધી રાહ જોવી પડશે. ત્યાં સુધીમાં વિશ્વ કોરોનાથી મુક્ત થઈ જાય તેવી આશા રાખીએ. વાયડામિત્ર પણ આવતા વર્ષે તેના શતાબ્દિ વર્ષમાં હશે.

ગુજરાતમાં કોરોનાના કેસ અભૂતપૂર્વ ઝડપે વધી રહયા છે ત્યારે સાવચેતીનાં પગલાં રૂપે વાયડસંઘ રદ કરવામાં આવ્યો છે.

સૌ જ્ઞાતિજનોનું સ્વાસ્થ્ય સારું રહે તેવી શુભેચ્છા.

**– હિમાંશુ શાહ,**

**અમદાવાદ**

નિલેષ અરવિંદભાઈ શાહ (દ્રુપદ સિક્યોરીટીઝ પ્રા. લિ.), જય શ્રી કૃષ્ણ.

સ્વ. ગોરધનદાસ કૃષ્ણલાલ પરીખ (કડી)ના પરિવારના જય શ્રી કૃષ્ણ.

## નારી ની વિકાસ યાત્રા

જગતની સૌ સન્નારીઓને મહિલા દિન નિમિત્તે મારા શત શત પ્રણામ. આદિકાળથી નારી વિષે નું વર્ણન થતું આવ્યું છે. ઈશ્વરે નારીનું ઘડતર આ પૃથ્વી પર ભરપૂર શકિત ભરીને કર્યું છે. સંસારમાં નારી વગરની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. એટલે જ તો કહેવાયું છે કે **‘નારી તું નારાયણી’**.

જૂના જમાનાથી વાત કરીએ તો સૌ પ્રથમ નારી અબળા હતી ત્યારે પુરુષને પ્રાધાન્ય અપાતું હતું. મહિલાનું જીવન પરાવલંબન હતું. મહિલા વિશે એક એવી છાપ હતી કે બસ તેને તો ઘરના કામ – ચૂલા ચોકા જ કરવાના છે. એ જમાનો રૂઢિચુસ્ત હતો. બૈરાઓને ઘુંઘટમાં જ રહેવાનું , છોકરીઓને શિક્ષણ આપીને શું મળવાનું છે ? આખરે તો પારકાનું ઘર જ સંભાળવાનું છે – આવી  વિચારશૈલી હતી, એટલે બે ચાર ચોપડી ભણીને છોકરીઓને પરણાવી દેવામાં આવતી હતી. તેમાં પણ પોતાની પસંદગી તો નહીં જ, મા બાપ જ્યાં મોકલે ત્યાં જવાનું. સાસરે જઈ અન્યાય, અપમાન સહન કરવાના. કોઈ મહિલા પોતાની બુદ્ધિથી કંઈક કરવા વિચારે તો પોતાનું મંતવ્ય રજૂ કરી શકતી નહીં. તે જમાનામાં મહિલાનું કોઇ જ વર્ચસ્વ હતું નહીં.

સમયનું ચક્ર ફરતું જ રહે છે. ધીરે ધીરે જમાનો બદલાયો. લોકોમાં પરિવર્તન આવવા લાગ્યું. વિચારોમાં ક્રાંતિ આવી. કન્યાઓને શિક્ષણ અપાતું થયું. પછી ઘણા પરિવારોમાં એવી માન્યતા હતી કે છોકરીઓ સહશિક્ષણ ન લઈ શકે, એટલે કે શાળાઓમાં છોકરાઓ હોય તેમાં નહીં ભણવા જવાનું, એટલે ફકત કન્યા શાળામાં જ જઈને શિક્ષણ લેવાતું હતું. હજી છોકરીઓને કોલેજમાં આગળ શિક્ષા લેવાનો જમાનો આવ્યો ન હોતો, કારણ કે મા–બાપ એવું વિચારતા હતા કે છોકરીઓ કોલેજ માં છોકરાઓ સાથે ભણી ને બગડી જાય તેથી મેટ્રિક સુધી શિક્ષણ અપાતું હતું. આટલું તો બહુ થયું એમ કહેતા અને ઘરકામ શીખવવામાં આવતું હતું.

સમયના બદલાવ સાથે વળી પાછા સુધારા થવા માંડયા. ધીરે ધીરે છોકરીઓ કોલેજના દ્વારે પહોંચી. કોલેજમાંથી પણ શિક્ષણ લઈને વિવિધ ક્ષેત્રે કદમ ભરતી થઈ. પોતાની શકિતનો પરચો બતાવવા લાગી. ઈતર પ્રવૃત્તિઓ કરવા લાગી. જુદી જુદી કલા

સ્વ. હેમંતભાઈ એચ. કાશીપારેખ પરિવારના જય શ્રી કૃષ્ણ.

ક્ષેત્રોમાં પારંગત થઈ. પોતાની શક્તિ પ્રદર્શિત કરવા લાગી. પોતે પગભર થવા નોકરી થવા નોકરી કરી રૂપિયા કમાતી થઈ ગઈ. એ રીતે ઘરમાં પણ મદદરૂપ થઈ પુરુષ સમોવડી થવા લાગી. મોટા ભાગે પરિવારોમાં દીકરી શ્વસુરગૃહે જઈને પણ સંસારની જવાબદારી સાથે નોકરી પણ કરતી થઈ. પોતાના સંતાનોને સારુ શિક્ષણ તથા સંસ્કાર આપવા સમર્થ થઈ.

હવે ધીરે ધીરે તદ્દન નવો જમાનો આવ્યો છે. મહિલાઓએ નવી ટેકનોલોજીની દુનિયામાં પગ મૂક્યો છે. કોમ્પ્યુટર તથા સ્માર્ટ ફોન સાથે નવી નવી સુવિધાઓ પણ માણી છે. આજે સૌ મહિલા સશક્ત થઈ અને ક્યાંથી ક્યાં પહોંચી ગઈ. શિક્ષણ ક્ષેત્રે, સંગીતક્ષેત્રે, રમત ગમત ક્ષેત્રે, કળા ક્ષેત્રે, બિઝનેસ ક્ષેત્રે, દરેક સંસ્થાઓમાં, મંત્રાલયોમાં, સરકારમાં વગેરે વગેરે. દરેક દરેક ક્ષેત્ર નું સુકાન સંભાળતા થઈ ગઈ. આપણા દેશની મહિલા મીલેટરી માં પણ જોડાઈ અને ફાઈટર પ્લેન પણ ઉડાવતી થઈ ગઈ. સુનિતા વિલિયમ્સ તથા કલ્પના ચાવલા જેવી મહિલા તો અવકાશ યાત્રાએ જઈને નવી નવી શોધખોળ કરવામાં પણ સફળ રહી તથા નારી સ્વરક્ષણ કરતી થઈ. આપણા દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ મહિલાને દરેક કાર્ય ક્ષેત્ર પ્રોત્સાહન આપે છે.

ધન્ય છે નારી શક્તિને. મહિલા દિન નિમિત્તે સૌ કોઈ મહિલાનું ગૌરવ તથા સન્માન કરીશું. દરેક મહિલા દિન–બ–દિન પ્રગતિના પંથે આગળ ધપે એવી અભિલાષા સાથે આજના આ લેખને વિરામ આપું છું.

**– પ્રવીણાબહેન દીપકભાઈ દલાલ,મુંબઈ**
**મો. ૮૩૬૯૬ ૮૧૮૩૨**



સ્વ. રમણલાલ બ્રેડીના પરિવારના જય શ્રી કૃષ્ણ.

## Cadbury Dairy Milks–સૌથી મોટી ચોકલેટ બ્રાન્ડ.

બ્રાન્ડથી સુપરબ્રાન્ડ સુધીની સફરમાં આજે આપણે ચોકલેટની સૌથી મોટી બ્રાન્ડ 'ડેરીમિલ્ક' વિશે વાત કરશું.

ચોકલેટ આ નામ સાંભળતા જ સૌથી પહેલા લોકોના મોઢામાં જે કંપનીનું નામ આવે છે તે છે Cadbury Dairy Milk.

Cadbury કંપની ૧૮૨૪ માં બર્મિંઘમની એક નાની એવી દુકાનથી શરૂ થઈ હતી. પરંતુ, શું તમને ખબર છે કે તેના સંસ્થાપક જોન Cadbury (૧૮૦૧–૧૮૮૯) એક સમયે કાઉન્ટર ઉપર બેસીને ડ્રિન્કિંગ ચોકલેટ, ચા અને કોફી વેચતા હતા. Cadbury ની સફળતા બતાવે છે કે દરેક મોટા વૃક્ષની શરૂઆત એક નાનકડા બીજથી થાય છે. ૨૩ વર્ષના જોન Cadbury ની ડ્રિન્કિંગ ચોકલેટ જયારે લોકપ્રિય થવા લાગી, ત્યારે સાત વર્ષ પછી તેમણે તેને બનાવવા માટે એક ફેકટરી ખોલી. આ એ જ Cadbury કંપનીનો નાનો એવો પાયો હતો જેના પર આગળ જતાં ગગન ચુંબી ઇમારત બંધાઈ.

મિલ્ક ચોકલેટ બનાવવાનો વિચાર જોન Cadburyના દિકરા જોર્જ Cadbury ના મનમાં આવ્યો. એ જમાનામાં સ્વિટ્ઝરલેન્ડમાં બનતી મિલ્ક ચોકલેટ્સ ઇંગ્લેન્ડમાં સારી એવી લોકપ્રિય હતી, પરંતુ ઇંગ્લેન્ડમાં એક પણ સારી ચોકલેટ બનતી ન હતી. જોજ Cadbury નિષ્ણાંતોની ટીમ સાથે મિલ્ક ચોકલેટની ફોર્મ્યુલા શોધવામાં લાગી ગયા. કેટલાંય વર્ષોની મહેનત પછી ૧૯૦૫માં Dairy Milk તૈયાર થઈ. ૧૯૧૩ સુધી Dairy Milk કંપનીની બેસ્ટ સેલિંગ બ્રાન્ડ બની ગઈ. આ દરમ્યાન ફેશન બદલાઈ, મશીનો બદલાયા, દુનિયા બદલાઈ, પરંતુ Cadbury Dairy Milk ની રેસિપી ન બદલાઈ.

આજે Cadbury નું સામ્રાજય ૫૦ થી વધારે દેશોમાં ફેલાયેલું છે અને એ કન્ફેકશનરી સેગમેન્ટમાં વિશ્વની સહુથી મોટી કંપની છે. ૨૦૧૦માં ક્રાફટ ફૂડસએ $18.9 બિલીયન ડોલરમાં Dairy Milk ને પોતાને હસ્તક લઈ લીધી. ક્રાફટ ફૂડસ Mondelez International Company નો જ એક ભાગ છે. ૨૦૨૦માં તેની આવક $8.82 બિલીયન ડોલર અને નફો $2.3 બિલીયન ડોલર હતો. ભારતમાં Dairy Milk નું માર્કેટ શેર ૭૦% છે. અંદાજે ૩૫૦ મિલ્યન Dairy Milk દર વર્ષે વેચાય છે એટલે કે એક દિવસમાં ૧ મિલ્યન

જ્યોતિબેન કેશવલાલ શાહ પરિવાર, (મુલુન્ડ – મુબઈ)જય શ્રી કૃષ્ણ.

Dairy Milk.

**બ્રાન્ડ મેનેજમેન્ટના પાઠ**

કંપનીએ બ્રાન્ડ એકસટેન્શન કરીને Dairy Milk બ્રાંડને ખૂબ જ નબળી કરી નાખી છે. પહેલું એકસટેન્શન ૧૯૨૮માં ત્યારે કરવામાં આવ્યું કે જયારે ડેરી મિલ્કસ ફ્રૂટ એન્ડ નટ બજારમાં આવી પછી ૧૮૩૩માં હોલ નટ અને એ પછી કંપની એક પછી એક નવી પ્રોડકટસ બજારમાં લોન્ચ કરી. Dairy Milk સિલ્ક, Dairy Milk ક્રેક, Dairy Milk રોસ્ટેડ આલમંડ, Dairy Milk શોટ્સ, Dairy Milk એકલર્સ. સ્પષ્ટ છે કે આમ આડેધડ બ્રાન્ડ એકસ્ટેન્શન લીધે બ્રાન્ડ નબળી પડી ગઈ.

કેડબરી બ્રાન્ડે પોતાનું ધ્યાન યુવાવર્ગ ઉપર કેન્દ્રીત કર્યું છે અને તેનાથી તેની લોકપ્રિયતા વધી છે. જાહેરાતોને કારણે Dairy Milk યુવાનોની બ્રાન્ડ થઈ ગઈ છે. પરીક્ષામાં પાસ થઈ ગયા હો તો કે પછી ઉત્સવનો કોઈ પણ અવસર હોય તો ડેરી મિલ્કસ ખાવાનું ચલણ દિવસે ને દિવસે વધી રહ્યું છે, દરેક સફળતા સાથે Dairy Milk ને જોડવાથી બ્રાંડ સફળ થઈ ગઈ. તેમાં પણ જયારથી અમિતાભ બચ્ચનજીએ ડેરીમિલ્કસની જાહેરાતમાં **"કુછ મીઠાં હો જાય"** નામના સ્લોગ્નનો ઉપયોગ કર્યો ત્યારેથી Dairy Milk ને મીઠાઈના સ્વરૂપે પણ રજૂ કરવામાં આવી રહી છે.

**રસપ્રદ તથ્ય**

મિલ્ક ચોકલેટનું નામ રાખતી વખતે ત્રણ નામો પર વિચાર કરવામાં આવ્યો હતો : જર્સી, હાઈલેન્ડ મિલ્ક અને ડેરી મેડ છેવટે છેલ્લાં બે નામોને જોડીને Dairy Milk નામ પસંદ કરવામાં આવ્યું હતું. ત્યારે કોને ખબર હતી કે તે આગળ જતાં વિશ્વની સહુથી વધુ લોકપ્રિય ચોકલેટની બ્રાન્ડ બની જશે...

**- રોનક શાહ, ભુજ**
**મો. ૯૩૭૭૯૯૦૦૫૭**

સ્વ. પુષ્પાવતીબેન તથા સ્વ. રસિકલાલના જય શ્રી કૃષ્ણ. હ. નરેશ

# રજુકેન



રજુકેન નોર્વેમાં આવેલું નાનું ગામ છે. ત્યાં રજુકેનફોસ નામનો ધોધ હોવાને કારણે તે ગામનું નામ રજુકેન પડ્યું. ૨૦૦૭ની વસ્તી ગણતરી પ્રમાણે ત્યાંની વસ્તી ૩,૫૦૦ ની હતી. રજુકેન ફોસ ધોધની ઉંચાઈ ૧૦૦ મીટર છે. ૧૯૦૨ની સાલમાં સામ એઈડ (Sam Eyde) નામના ઉદ્યોગપતિ ત્યાં ફરવા માટે આવ્યા. પાણીના ધોધની ૧૦૦ મીટરની ઉંચાઈ જોઈ વિચારવા લાગ્યો કે પાણીના ધોધથી વીજળીશક્તિ ઉત્પન્ન કરી શકાય. વીજળીશક્તિથી પાણીનું વિભાજન (Electrolysis) કરી હાયડ્રોજન ઉત્પાદન કરી અને હવામાંથી નાઈટ્રોજન ઉત્પાદન કરી પોટેશિયમ નાઈટ્રેટ પણ ઉત્પન્ન કરી શકાય. (પોટેશિયમ નાઈટ્રેટનો ઉપયોગ ખાતર અને દારૂગોળો બનાવવા માટે થાય છે.) સામ એઈડે રજુકેનફોસ પાસે નોર્સ્ક હાઈડ્રો નામની કંપનીની સ્થાપના કરી રજુકેન ગામ વસાવ્યું. નોર્સ્ક હાઈડ્રોમાં ખાતરનું ઉત્પાદન શરૂ થતા ડેન્માર્ક, સ્વીડન અને ફિનલેન્ડથી લોકો કામ કરવા રજુકેનમાં આવતા. વસ્તી ૧૯૧૨ની સાલમાં ૩,૫૦૦ થી વધી ૧૨,૦૦૦ થઈ. ખાતરની નિકાસ ટ્રેન અને બોટ દ્વારા યુરોપના જુદા જુદા દેશોમાં થવા લાગી તે ખાતે નોર્સ્ક હાઈડ્રો દુનિયાનો સૌથી મોટો હાઈડ્રો પ્રોજેક્ટ હતો.

પૃથ્વી ઉપર રજુકેનનું ભૌગોલિક સ્થાન એવું છે કે ૨૨મી ડિસેમ્બરના રોજ ઉત્તર ગોળાર્ધમાં સૌથી ટૂંકો દિવસ હોય ત્યારે રજુકેનમાં સૂર્યોદય અને સૂર્યાસ્ત વચ્ચે ૫ કલાક અને ૫૫ મીનીટનો તફાવત હોવા છતાય વર્ષના પાંચ મહિના (સપ્ટેમ્બર આખરથી મધ્ય માર્ચ સુધી) રજુકેન સૂર્યપ્રકાશથી વંચિત રહે છે. આવું થવાનું કારણ આ સમયે સૂર્ય દક્ષિણ ગોળાર્ધમાં હોય છે અને રજુકેન છેક ઉત્તરમાં આવેલું હોવાથી સૂર્યકિરણો બહુ જ નીચલી સપાટી ઉપર હોય છે. રજુકેનની દક્ષિણે જે પર્વત છે તેની ઉંચાઈ સૂર્યકિરણોની સપાટી કરતા વધુ હોવાથી સૂર્યકિરણો રજુકેનમાં પ્રવેશી શકતા નથી. આથી રજુકેન કાયમ માટે સૂર્યકિરણોથી વંચિત રહી જાય છે. ૧૯૧૩ની સાલમાં સામ એઈડને વિચાર આવ્યો. રજુકેનની ઉત્તરે આવેલા ૪૫૦ મીટર ઊંચા પર્વત ઉપર મોટા અરીસા મૂકી સૂર્યપ્રકાશ પરાવર્તિત કરી રજુકેનમાં સૂર્યપ્રકાશ લાવલી શકાય. આ પ્રોજેક્ટ માટે સામ એઈડે પૈસાનો પ્રબંધ પણ કર્યો હતો. આ પ્રોજેક્ટનો અમલ કરવા માટે સૂર્યની બદલાતી

ગો.વા. રમેશચંદ્ર કાંતિલાલ પરીખ (કડી)ના જય શ્રી કૃષ્ણ હ. માલતીબેન, દેવીબેન, અરૂણાબેન

દિશા પ્રમાણે અરીસાની દિશા બદલવા માટેની યોગ્ય ટેકનોલોજી ઉપલબ્ધ ન હોવાને કારણે સામ એઈડને સૂર્યપ્રકાશ પરિવર્તિત કરવાનો પ્રોજેક્ટ પડતો મુકવો પડયો.

શરીરમાં વિટામીન–ડી બનવા માટે સૂર્યપ્રકાશની જરૂર પડે છે. રજુકેનના લોકો પર્વત ઉપર જઈ સૂર્યપ્રકાશ મેળવી શકે તે માટે એઈડે ૧૯૨૫ની સાલમાં ઉડન ખટોલા (રોપવે–ગોન્ડોલા) શરૂ કર્યું. ૧૩મી ઓક્ટોબર, ૨૦૧૩ના રોજ એટલે કે સામ એઈડનું સૂર્યપ્રકાશ પરાવર્તન કરી સૂર્યપ્રકાશ રજુકેનમાં લાવવાનું સ્વપ્ન ૧૦૦ વર્ષે સાકાર થયું. રજુકેનની ઉત્તરે આવેલા ૪૫૦ મીટર ઊંચા પર્વત ઉપર ત્રણ અરીસા મૂકવામાં આવ્યા. દરેક અરીસાનું ક્ષેત્રફળ ૫૩૮ ચોરસ ફૂટ છે. દિવસ દરમ્યાન કોમ્પ્યુટરની મદદથી અરીસાની દિશા સૂર્યની દિશા પ્રમાણે બદલાય છે કે જેથી વધુમાં વધુ સમય સૂર્યપ્રકાશ રજુકેનમાં પરાવર્તિત કરી શકાય. ૨૦૧૫ની સાલમાં રજુકેનને વર્લ્ડ હેરીટેઝની યાદી સામેલ કરવામાં આવ્યું છે. અરીસા મુકવાનો ખર્ચ ૮,૨૫,૦૦૦ ડોલર્સ થયો હતો. સૂર્યપ્રકાશ પરાવર્તિત કરવા માટે મુકાયેલા અરીસાના કારણે પર્યટકોની સંખ્યામાં પણ વધારો થશે.

રજુકેનની જે વિટંબણા હતી તેવી જ વિટંબણા ઈટાલીના આલ્પ્સ પર્વતની ખીણ પ્રદેશમાં આવેલા વિગાનીલ ગામની પણ હતી. ૧૮ મી ડિસેમ્બર, ૨૦૦૬ના રોજ ૨૪ ફુટ X ૧૬ ફુટ માપના સ્ટીલના પતરાનો અરીસો મૂકવામાં આવ્યો છે.

## બીજુ વિશ્વયુદ્ધ અને રજુકેન

નોર્સ્ક હાઈડ્રોમાં હાઈડ્રોજન ઉત્પન્ન થતો હતો. આ પ્રક્રિયામાં અણુબોમ્બ બનાવવા માટે વપરાતુ હેવી વોટર પણ ઉત્પન્ન થતું હતું. નોર્સ્ક હાઈડ્રોની વાર્ષિક હેવી વોટર ઉત્પાદનશક્તિ ૧,૫૦૦ ટનની હતી. હિટલરે નોર્વે જીતી લીધું હતું. હિટલરે નોર્સ્ક હાઈડ્રોને હેવી વોટરની વાર્ષિક ઉત્પાદનશક્તિ ૧,૫૦૦ ટનથી વધારી ૪,૫૦૦ ટન કરવા જણાવ્યું. નોર્વે જર્મનીનું ગુલામ હોવાથી નોર્વેના લોકો બ્રિટનને સહકાર આપવા ત્યાંના લોકો બ્રિટન તરફી જાસુસ બન્યા. હિટલરે નોર્સ્ક હાઈડ્રોને હેવી વોટરની વાર્ષિક ઉત્પાદનશક્તિ વધારી ૪,૫૦૦ ટન કરવા જણાવ્યાના સમાચાર ચર્ચિલ પાસે પહોંચ્યા. ચર્ચિલને અમેરિકાના પ્રેસિડન્ટ રૂઝવેલ્ટન પાસે જાણવું હતું કે અમેરિકાને અણુબોમ્બ બનાવતા કેટલી વાર લાગશે. જર્મન જાસૂસો ટેલીફોનની વાતચીત આંતરી હિટલરને માહિતગાર કરતા. આથી ચર્ચિલ ગુપ્ત રીતે અમેરિકા જઈ રૂઝવેલ્ટને જણાવ્યું કે હિટલર અણુબોમ્બ બનાવવાની તૈયારી કરે છે. આપણો અણુબોમ્બ ક્યારે તૈયાર થશે ? રૂઝવેલ્ટે

'આરતી મેટરનીટી હોસ્પિટલ' ડૉ. સંજય ગાંધી (ડીસા)ના જય શ્રી કૃષ્ણ.

જણાવ્યું કે હજુ બે અઢી વર્ષ લાગશે. ચર્ચિલ બ્રિટન આવી નોર્સ્ક હાઈડ્રોને સેબોટેજ કરી ઉડાવી દેવાનું નક્કી કરે છે. ચર્ચિલે સત્તા ઉપર આવ્યા પછી એક સ્પેશિયલ ટાસ્ક ફોર્સની રચના કરી હતી કે જેનું કાર્ય દુશ્મન દેશમાં જઈ ભાંગફોડ કરવાનું. નોર્સ્ક હાઈડ્રોને સબોટેજ કરાવવાનું કામ સ્પેશિયલ ટાસ્ક ફોર્સને સોંપે છે. સ્પેશિયલ ટ્રાસ્ટ ફોર્સમાં નોર્વેના બ્રિટનમાં રહેતા જાસૂસો લીધા. સ્પેશિયલ ટાસ્ક ફોર્સના જાસૂસોને નોર્વેમાં પેરાટુપર તરીકે ઉતારે છે. તેમનો પહેલો પ્રયત્ન નિષ્ફળ જાય છે. દોઢ મહિના પછી ફરી પ્રયત્ન કરી નોર્સ્ક હાઈડ્રોને સેબોટેજ કરી ઉડાવી દઈ હિટલરને અણુબોમ્બ બનાવતા રોકે છે.

**– પ્રિયમુખભાઈ શાહ, વડોદરા**
**મો. ૯૧૦૬૬ ૨૫૬૪૭**

**મારે મન મિત્રતા... સૌરભના સ્વરેથી**

સઘળાં સંબંધો બન્યા લોહીથી, કે અવતર્યા અગ્નિસાક્ષીથી,
એક અપવાદ એવો, કે જેનો સમય સ્વયં મૂક સાક્ષી,
અનંતકાળથી, એની એક જ છે પરિભાષા,
દેવ–દાનવ–માનવ, એ સૌની છે અભિલાષા
"કૃષ્ણ–સુદામા" "કર્ણ–દુર્યોધન", અમર થયા એના સંબોધન,
"રામ–સુગ્રીવ" "કૃષ્ણ–દ્રૌપદી", લાજ રાખે એના બંધન,
નથી જાત–પાત એની ફીતરત, નથી માન–પાન એની કીંમત,
એ આકાર વગરની આકૃતિ, સદા ઝળહળે એની જ્યોતિ,
નખશીખ વિશ્વાસ એનો આધાર, અફલાતૂન છે આ શ્રૃંગાર,
જીવનમાં ભલે રંગ હજાર, એના વિના હરકોઈ કંગાળ

**– સી.એ. સૌરભ શાહ,**
**દુબઈ**

સવિતાબહેન રામલાલ પરીખ (કડી) પરિવારના જય શ્રી કૃષ્ણ.

ડૉ. રોહિતભાઈ જયંતીલાલ શાહ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ.

## ભારત ટેકનીકલ ક્ષેત્રે પછાત કેમ છે ?



આ દેશ આઝાદ થયો ત્યારે કહેવાતું હતું કે, પશ્ચિમના દેશોથી આપણે ટેકનોલોજીની દૃષ્ટીએ ૧૦૦ વર્ષ પાછળ છીએ.

આઝાદી પછી ભારતના ઘડવૈયાઓએ મોટા ઉદ્યોગગૃહો સ્થાપ્યા અને વિવિધ સંશોધન–સંસ્થાઓ સ્થાપી. સૌ ભારતીઓએ આ સંસ્થાઓમાં દિલથી મહેનત કરી ને તેના પરિણામસ્વરૂપ આપણે વિજ્ઞાન અને ટેકનીકલ ક્ષેત્રે પ્રગતિ કરી શકયા. તે સાથે ભારતમાં ઘણા બધા યંત્રોનું ઉત્પાદન પણ શકય બન્યું.

ઍંશીના દશકમાં વેળાસર કમ્પ્યુટર લાવ્યા, ટીવી ભલે બહુ મોડું આવ્યું પણ તેના બદલામાં એકવીસમી સદીની શરૂઆતમાં ટેલી–કમ્યુનીકેશન ક્રાંતિ થકી મોબાઈલની ગાડી સમયસર પકડી. કમ્પ્યુટર સમયસર આવ્યા તેથી ભારતીયોનો સોફ્ટવેર પ્રત્યેનો પ્રેમ જાગ્યો. સારા કમ્પ્યુટર પ્રોગ્રામ લખી શકવાની આવડતને લીધે સીલીકોન–વેલીમાં ભારતીયોનો દબદબો રહ્યો.

સરવાળે, સૌને ઈન્ડિયા સુપરપાવર બનશે એવા સપના આવવા લાગ્યા. પણ ખાટલે કેટલીક મોટી ખોડ રહેલી છે. આપણે ઍંશીના દશકમાં કમ્પ્યુટરની ગાડી ભલે પકડી, પરંતુ આઈ.સી. ઉત્પાદનની ગાડી ચૂકી ગયા છીએ. આ દેશમાં આઈ.સી. નું ઉત્પાદન કરવાનું એક પણ કારખાનું આપણે ન નાખ્યું. ભારતને ટેકનીકલ સુપરપાવર બનાવવામાં આ સૌથી મોટો અવરોધ છે.

અત્યારે વપરાતાં સૌ ડીજીટલ સાધનોનાં મૂળમાં આઈ.સી. છે. સ્માર્ટ ફોન હોય કે સ્માર્ટ કાર હોય, કેમેરા હોય, કમ્પ્યુટર હોય કે સેટેલાઈટ હોય આઈ.સી. તેમાં મૂળ ઘટક છે. પાયાના ઘટક આઈ.સી.નું ઉત્પાદન નથી થતું તેથી, નવા જમાનાનાં એક પણ ડિજીટલ ગેજેટ્સનું ઉત્પાદન પણ આ દેશમાં નથી થતું. વીસમી સદીના અંત સુધી ઈલેક્ટ્રોનિક સાધનો વિવિધ આઈ.સી. ના સંયોજનથી બનતા હતા (જેને હાર્ડવેર કહેવાય.) તેને ફરતે આ ઘટકોના સંચાલન માટેની પ્રોગ્રામ (સોફ્ટવેર) લખાતો. ભારતીય મેન્ટલ–મેથેમેટીક્સ માં ખૂબ પાક્કા હોવાને કારણે સોફ્ટવેર ખૂબ સારું લખી શકે છે. એટલે કે પ્રોગ્રામિંગ ભારતીયોનું જમા પાસું છે. આઈ.સી. ભારતમાં (ન બનતી હોવાને કારણે) ઈમ્પોર્ટ કરવામાં આવતી, તેને પીસીબી (બોર્ડ – દા.ત. કમ્પ્યુટરનું મધરબોર્ડ) પર મઢીને તેને ફરતે પ્રોગ્રામને ગ્રેજેટ–ડીજીટલ યંત્રો બનાવતા હતા.

સ્વ. રસિકલાલ લલ્લુભાઈ શાહના પરિવારના જય શ્રી કૃષ્ણ.

ગેજેટ્સના ઉત્પાદનની આ પ્રક્રિયામાં એકવીસમી સદીમાં મોટો બદલાવ આવ્યો. હવેના સાધનમાં હાર્ડવેર અને સોફ્ટવેર જુદા ન રહ્યા. જે પ્રોગ્રામ પહેલા આઈ.સી.ની ફરતે લખાતો હતો, તે હવે આઈ.સી.નું નિર્માણ થતું હોય અને તે બોર્ડ પર જડાતી હોય તે દરમિયાન તેની અંદર જ (Embed System) ભરી દેવામાં આવે છે. જતે દહાડે આઈ.સી. નિર્માણની નવી પધ્ધતિ (VLSI )ને લીધે આઈ.સી.નું કદ નાનું થતું ગયું. (દસ વર્ષ પહેલા જે કદના કમ્પ્યુટર કે મોબાઈલ આવતા તેનાથી આજના આ સાધનો ઘણા નાના કદનાં હોય છે.) ટચૂકડી મુખ્ય આઈ.સી.ની ફરતે આવતા બાકીનાં ઘટકોને આવરી લેતો પ્રોગ્રામ લખીને, બધું સમૂળગું જ પીસીબી પર જડીને, યંત્રો (Embeded System) બનાવવાનું શરૂ થયું.

આવા સંજોગોમાં ભારત આઈ.સી ન બનાવતું હોવાને લીધે ડીજીટલ ગેજેટ્સ બનાવવાની રેસમાંથી સાવ બહાર ફેંકી ગયું છે. ભારતીયોની સારા પ્રોગ્રામ લખવાની આવડતનો આ દેશમાં કોઈ લેવાલ નથી. જે કંપની પાસે ઝીણી આઈ.સી. બનાવી, તેને બોર્ડ પર જડતી વખતે તેમાં પ્રોગ્રામ ભરીને વેચવાની સંપૂર્ણ આવડત હોય તેને જ ભારતીય (ઈલેક્ટ્રોનીક્સ) ઈજનેરોનો ખપ પડે. ભારતની યુનીવર્સીટીઓ વીએલએસઆઈ કે એમ્બેડ સીસ્ટમ ગમે તેટલું ભણાવે, આ દેશમાં તેમને આ જ્ઞાનના આધારે નોકરી આપવાવાળું કોઈ નથી. યુનીવર્સીટીઓએ આ નવા જમાનાને અનુરૂપ જે ભણાવેલું છે તે વ્યર્થ જ જવાનું.

ભારતના એક પણ ઉદ્યોગગૃહ પાસે આ નવા જમાનાનું હાર્ડવેર બનાવવાની સગવડ નથી. તેથી એમ્બેડ સીસ્ટમ આધારીત બધા ડીજીટલ યંત્રો આપણે ઈમ્પોર્ટ કરવા પડે છે. અહીંની હોસ્પીટલોમાં વપરાતા બધા યંત્રો (મોતિયાનું ફેકો મશીન કે તમારું કોલેસ્ટ્રોલ માપતા યંત્રો) આપણા સૌના મોબાઈલ, કેમેરા, લેપટોપ, ઈસરો કે ઈજનેરી કોલેજની પ્રયોગશાળામાં વપરાતા સાધનો... બધું વિદેશોમાં જ બને છે મારા મોબાઈલમાં મારો અવાજ ઝીલાય અને તે તમારા મોબાઈલ થકી તમારા કાને અથડાય તે દરમિયાન આવતાં બધાં પૂર્જા (બીટીએસ–બીએસસી–એમએસસી) આયાતી છે. આખી ટેલી–કમ્યુનીકેશન ક્રાંતિ પરદેશથી આણેલી છે.

ભારતીય ઈજનેરોનું કામ માત્ર આ સિસ્ટમના રખ–રખાવનું છે. પેનલ પર જોયા કરવાનું કે બધું બરાબર ચાલે છે ને! જો કોઈ જગ્યાએ મુશ્કેલી જણાય તો તે ડબ્બો કાઢીને તેની જગ્યાએ સ્પેર માં પડેલો ગોઠવી ને બગડેલો વિદેશમાં રીપેરમાં મોકલી આપવાનો. ગમે તેટલું ઈલેક્ટ્રોનીક્સ ભણ્યા હોય તો પણ સુપરવીઝર/સર્વીસ એન્જીનીયર

કક્ષાનું કામ મળે. જેટલી મોટી કંપની તેટલો પગાર વધારે. પણ એમ જોવા જઈએ તો કારના ટાયરમાં પંચર પડે તો સ્ટેપની બેસાડીને કાર દોડતી કરતા મિકેનિકથી વિશેષ દરજ્જો નહીં !

આ સાધનો આયાત કરવામાં આપણું નાણું વિદેશોમાં ઘસડાઈ જાય છે. આ સાધનો વગર હવે ચાલે તેમ નથી અને ડોલર કે યુરો સામે રૂપિયો એટલો નબળો છે કે આ ઈલેકટ્રોનિક મોંઘવારીએ સૌની કમર તોડી નાખી છે. ઈસરો જેવી સંસ્થા હોય, સરકારનું કોઈ પીએસયુનું યુનિટ હોય કે, મોટા શહેરનું કોઈ કુટુંબ હોય – સૌની નાણાં કોથળીમાં આ ડીજીટલ સાધનો મોટું કાણું પાડે છે. તે સાથે એ પણ સ્વીકારવું રહ્યું કે આપણા સૌની આધુનિક જીવન શૈલી આ સાધનો પર જ ટકેલી છે.

જો ભારત હવે નકકી કરે, કે આઈ.સી. નિર્માણમાં ઝંપલાવવું છે, તો હવે બહુ મોડું થઈ ગયું છે. હવે સીધું એમ્બડેડ સીસ્ટમના નિર્માણમાં ઝંપલાવવું પડે અને એ એક અળગુ યુનીટ ન હોઈ શકે. તેની સાથે તે સીસ્ટમને લગતું સંશોધન (રીચર્સ) યુનિટ પણ જોડેલું હોવું જોઈએ. બજારમાં એક મોબાઈલ આવે કે ત્રણ મહીનામાં તેની નવી આવૃત્તિ બહાર પડે છે. આ ઝડપે સંશોધન કરીને ફેરફાર કરો તો જ રેસમાં રહેવાય. નહી તો કારખાનું માથે પડે. ઈલેકટ્રોનીક યંત્રોના ઉત્પાદન માટે માળખાકીય આવી સગવડો (વીએલએસઆઈ નિર્માણ વગેરે) ઊભી કરો તો જ નહીંતર આ સાધનો આયાત કરવામાં વેઠવી પડતી ઈલેકટ્રોનિક મોંઘવારી આખા દેશને ભરખી જશે.

આ કામ સરકારનું નથી. સરકાર તો એમેય પીએસયુમાંથી ખસી રહી છે. મેક ઈન ઈન્ડીયા સૂત્ર આ બાબતે લાગૂ પાડવાની સરકારની કોઈ તૈયારી હોય તેમ લાગતુ નથી અને ઉદ્યોગગૃહો પાસે દીર્ઘ દ્રષ્ટિ નથી. એક ઉદ્યોગગૃહ મોલમાં શાકભાજી વેચે છે, બીજા કરિયાણું વેચે છે, ત્રીજા ક્રિકેટની ટીમ ખરીદવામાં આર્થિક લાભ જુએ છે, તો વીએલએસઆઈ કે એમ્બડેડ સીસ્ટમને સંલગ્ન ઉપક્રમો સ્થપાય તેટલું રોકાણ કોણ કરશે? સરકારે આ ક્ષેત્રમાં નવી સંશોધન–સંસ્થાઓ (ઈસરો, પીઆરએલ, અટીરા, આઈપીઆર જેવી) ખોલવાની પહેલ કરવી જોઈએ. આમ થાય તો જ કોઈ ઉદ્યોગગૃહ કદાચ આકર્ષાય અને આ દેશ સુપરપાવર તો ઠીક (સ્વાવલંબી) બને તોય બહુ થયું.... ત્યાં સુધી ભારતનાં ઈલેકટ્રોનીકસ એન્જીનીયરોએ સર્વીસ–એન્જિનીયર અને સુપરવાઈઝર કક્ષાની નોકરીઓ સ્વીકારવી રહી.. અને માસ્તરોએ નવું શિખવા–શિખવવાની ઝંઝટ નહીં!!

**– ડો. સોરમ કોટિયા, વડોદરા, મો. ૯૪૨૬૮૦૬૧૫૨**

## પૂર્ણાવતાર શ્રીકૃષ્ણ
## કૃષ્ણનાં જીવન સંબંધિત કેટલાક પ્રસંગો



(૧) કૃષ્ણની પટરાણીઓમાં આઠમી અને અંતિમ પત્ની લક્ષ્મણા હતી. લક્ષ્મણા મદ્રદેશના રાજા બૃહતસેનની પુત્રી હતી. તેના સ્વયંવર વખતે તીરની સ્પર્ધા હતી જેમાં છત પરના ફરતા ચક્રમાં સ્થિત માછલીની આંખને નીચે તરફ, તેલના વાસણમાં પડતા પ્રતિબિંધને નિહાળીને વીંધવાની હતી. આ સ્પર્ધામાં બંને ત્રાજવાનો સમન્વય કરવાનો હતો. કૃષ્ણએ તે કરી બતાવ્યું. દ્રોપદી સ્વયંવરની સ્પર્ધા કરતાં આ સ્પર્ધા વધુ અઘરી હતી. તીરંદાજીમાં કૃષ્ણ અર્જુન કરતાં શ્રેષ્ઠ હતાં. પરંતુ તેમણે કયારેય તે દર્શાવ્યું ન હતું તેમણે હંમેશા અર્જુનને વિશ્વના શ્રેષ્ઠ ધનુર્ધર તરીકે આગળ કર્યો.

(૨) સુદામા અને કૃષ્ણની કથા, મહાભારતની કથા દ્રોણ અને દ્રુપદ કરતાં અલગ છે. બંને કથામાં ગરીબ માણસ છે (સુદામા, દ્રોણ) જે ધનવાન અને સફળ મિત્ર પાસે મદદની આશાએ જાય છે (કૃષ્ણ, દ્રુપદ) પરંતુ કૃષ્ણ સુદામાની ભૂલનો ઉદારતાથી સ્વીકાર કરે છે. દ્રુપદ દ્રોણનું અપમાન કરે છે. કૃષ્ણ સુદામાને સાચવે છે. તે પ્રેમનું બીજ વાવે છે જયારે દ્રુપદનો દ્રોણ પ્રત્યેનો વયવહાર ધૃણાના બીજ વાવે છે. દ્રુપદ યજ્ઞ કરીને બે બાળકો મેળવે છે. ધ્રુષ્ટધુમ્ન, યુધ્ધમાં દ્રોણની હત્યા કરે છે અને દ્રોપદી કુટુંબમાં અને જમીનમાં ભાગ પડાવે છે. યુદધ માટે તે જવાબદાર નીવડે છે.

(૩) કૃષ્ણે શા માટે દ્રૌપદી સ્વયંવરમાં ભાગ ન લીધો ? દ્રોપદી એ સંસારનું પ્રતીક છે. દ્રૌપદીને (સંસારને) બચાવવા માટે સ્વયં ઈશ્વર આવ્યા છે. દ્રૌપદી એ લક્ષ્મીનું સ્વરૂપ છે. દ્રૌપદીને કૃષ્ણ સાથે લોહીના સંબંધો નથી અથવા તેની સાથે લગ્ન કર્યા નથી. પાછળનાં જન્મોની જેમ, આ જન્મમાં પણ તેની મદદ માટે જ કૃષ્ણ આવ્યા છે. દ્રૌપદી અને કૃષ્ણનો એક વિશિષ્ટ સંબંધ છે. જેનું કોઈ નામ નથી. દ્રૌપદીએ રાધાની માફક અપેક્ષા વિના કૃષ્ણની સંભાળ લીધી છે.

(૪) પરશુરામ તરીકે વિષ્ણુ ગૌમાતા માટે લડયા, રામ પત્ની સીતા માટે લડયા. કૃષ્ણ દ્રૌપદી માટે લડયા જે બીજાની પત્ની હતી. રાધા પણ બીજાની પત્ની હતી. કૃષ્ણ માટે લડાઈ પોતાની નથી. સામાન્ય રીતે યોધ્ધો પોતાના કુટુંબ કે રાજય માટે લડે છે

જયારે કૃષ્ણ અન્ય માટે ધર્મની સ્થાપના માટે લડે છે. કૃષ્ણ નો આદર્શ ખૂબ ઊંચો છે. કૃષ્ણ પોતે પરમતત્ત્વ છે. કૃષ્ણનાં જીવનમૂલ્ય શ્રેષ્ઠ છે.

(૫) કૃષ્ણનાં મહાન શકિતશાળી પુત્રોમાં અઢાર પુત્રો મહારથી હતા. મહાભારતે આ અઢાર પુત્રોની યાદી આપી છે. આ પુત્રોમાં કૃષ્ણ અને રુકમણીનો પુત્ર પ્રદ્યુમન સર્વશ્રેષ્ઠ ગણાય છે. પ્રદ્યુમન રુકમવતીને પરણયો અને તે લગ્નથી તેમને અનિરુધ્ધ પ્રાપ્ત થયો. અનિરુધ્ધ પણ ખૂબ બળવાન હતો. અનિરુધ્ધ તેની દાદી રુકમણીના ભાઈ રુકમીની પૌત્રી રોચનાને પરણ્યો. આવા લગ્નો અસામાન્ય ન હતા. અનિરુધ્ધનો પુત્ર વ્રજ હતો. તે વ્રજનાભિ તરીકે ઓળખાયો. તેણે કૃષ્ણની યાદોને પૃથ્વી પર જીવંત રાખી.

(૬) રામાયણમાં જાંબુવન રીંછ હતા. તેમણે રામને વાનરસેના સ્થાપિત કરવામાં મદદ કરી હતી. તેમને મિત્રભાવે રામ સાથે ધ્વંધ્વયુધ્ધ કરવું હતું. રામે તેમનું વચન પાળીને કૃષ્ણ તરીકે અવતાર લીધો ત્યારે તે ઇચ્છા પૂરી કરી. જાંબુવન યુગના અંત સુધી પૃથ્વી પર હતાં અને તેઓ માત્ર કૃષ્ણની પ્રતીક્ષા કરતા હતાં. કૃષ્ણનાં દર્શનથી તેઓ ધન્ય થઈ ગયા અને કૃષ્ણને પોતાની પુત્રી જાંબુવતી પરણાવી.

(૭) સત્યભામા ભૂદેવી છે. જયારે રુકમણી સમૃધ્ધિ ની દેવી છે. સત્યભામા સદા યુવાન છે. ઉંમરની અસર તેના શરીર પર પડતી નથી. ભૂદેવી કૃષ્ણને પૃથ્વીની સત્તા અને પૂંજી પ્રદાન કરે છે. સત્યભામામાં અહંકાર જન્મે છે પણ કૃષ્ણ તેને પાઠ ભણાવીને અહંકાર દૂર કરે છે.

(૮) કૃષ્ણ પાંડવોને વનવાસ દરમ્યાન વનમાં જ ભ્રમણ કરવાનું કહે છે. આવું કહેવા પાછળ કૃષ્ણ તેઓને રાજા તરીકે તૈયાર થવાની પ્રેરણા આપે છે. વર્ષોના ભ્રમણથી તેઓ નમ્ર બને છે. તેઓમાં પરિવર્તન આવે છે. ભીમ, હનુમાન પાસેથી શીખે છે. અર્જુન, શિવજી પાસેથી શીખે છે. યુધિષ્ઠિર, યમ પાસેથી શીખે છે પાંડવોનો જન્મ જ વનમાં થાય છે. લાક્ષાગૃહ બાદ તેમ જ ધુતસભા બાદ તેઓ ફરી વનમા જાય છે.

(૯) રામને પિતા બનવાનો આનંદ કયારેય ન મળ્યો. રામનાં બાળકોને જંગલમાં સીતા ઉછેરે છે. કૃષ્ણે તેમની પત્નીઓ દ્વારા થયેલા સંતાનોનો ભરપૂર પ્રેમ મેળવ્યો. ઉપરાંત તેમની બહેન સુભદ્રા અને દ્રૌપદીના સંતાનોને પણ પાલક પિતાની જેમ પ્રેમ કર્યો.

(૧૦) વિદુરની પત્ની પારાશવી કૃષ્ણની ભક્તિમાં એટલી બધી લીન બની ગઈ કે

અરુણભાઈ આર. શાહ (રંગવાળા) (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

કૃષ્ણને કેળાને બદલે કેળાની છાલ ખાવા માટે આપી અને કૃષ્ણએ તે આરોગી પણ લીધી. કૃષ્ણ સ્નેહના ભૂખ્યા છે. આવા જ સ્નેહથી તેમણે યશોદાનું માખણ, દ્રૌપદીનું તુલસીપત્ર, વિદૂરની ભાજી અને સુદામાના તાંબુલ આરોગ્યા હતાં.

(૧૧) ભીષ્મ, દ્રોણ અને કર્ણ – ત્રણે કુરસેનાના સેનાપતિ હતા. જેઓ યુધ્ધનું શિક્ષણ પરશુરામ પાસેથી શીખ્યા હતા. પરશુરામ વિષ્ણુના અવતાર હતા. પરંતુ આ શિક્ષણનો ઉપયોગ તેઓએ ઉદારતાને બદલે અસલામત વ્યક્તિ પ્રત્યે અધિકાર માટે કર્યો. અન્ય શબ્દોમાં, આ શિક્ષણ તેઓએ અધર્મ માટે વાપર્યું તેથી વિષ્ણુએ કૃષ્ણના અવતારમાં તેઓનો નાશ કરાવ્યો.

(૧૨) ધૃતરાષ્ટ્ર સ્પષ્ટ ભેદ રાખે છે. પોતાનું કુટુંબ (પુત્રો) અને કુટુંબના શત્રુઓ (પોતાના ભત્રીજાઓ) જ્યારે અર્જુન બંને પક્ષે કુટુંબ જુએ છે. જયારે કૃષ્ણ માટે આખું જગત કુટુંબ છે (વસુધૈવ કુટુંબકમ્)

(૧૩) લક્ષ્મણે એક વખત રાજા રામને ફરીયાદ કરી કે મે હંમેશા તમારી આજ્ઞાનું પાલન કર્યું છે. તમે મારા મોટાભાઈ છો. હવે પછીના જન્મમાં મને મોટાભાઈ બનવા દેજો. રામ સંમત થયા અને કહ્યું, ‘કૃષ્ણ તરીકે હું નાનો હોઈશ પરંતુ તારે મારું સાંભળવું પડશે. કારણ કે તને ખ્યાલ હશે કે મેં કયારેય મારી શક્તિ કે સત્તાનો ઉપયોગ તારી પર કર્યો નથી. મેં હંમેશા તારી શક્તિને પ્રેમ તરફ જગાડી છે.’ જેથી વાતવાતમાં ગુસ્સે થઈ જતાં બલરામને કૃષ્ણ શાંત રાખી શકયા અને તેમનામાં પ્રેમ પ્રગટ કરીને તેમની ભૂલોને યોગ્ય રીતે દર્શાવી પોતાની તરફ વાળી શકયા.

(૧૪) કૃષ્ણ હંમેશા ધર્મ માટે લડયા પરંતુ કર્મના કાયદાનો અસ્વીકાર ન કર્યો. સારા કાર્યના ખરાબ પરિણામ હોઈ શકે છે. ગાંધારીના શ્રાપથી સમગ્ર યાદવવંશ નાશ પામ્યો. રામાયણમાં રામે રામરાજ્ય સ્થાપ્યું પરંતુ પોતાની પત્ની અને બાળકો વનમાં રહ્યા. મહાભારતમાં પાંડવોનો વિજય આનંદ ન લાવ્યો. જે કૃષ્ણ માટે પણ સાચું સાબિત થયું. વિજયને હંમેશા તેની કિંમત ચુકવવી પડે છે અને તે ધર્મ માટે લડાઈ હોય તો પણ–

(૧૫) કૃષ્ણ જેવા શિક્ષક હોવા છતાં પણ વિદ્યાર્થી તરીકે અજુનને બધુ યાદ રહેતું તેથી તે ઉપદેશ ફરી કહેવા માટે માટે કૃષ્ણને વિનંતી કરે છે. માણસનો હેતુ સિધ્ધ થઈ ગયા પછી, સફળતા મેળવી લીધા પછી જરૂર રહેતી નથી. વ્યક્તિનો આ અહંકાર દર્શાવે છે.

સ્વ. કુ. હેમલતાબહેન ઝવેરીલાલ શાહના જય શ્રી કૃષ્ણ.

કૃષ્ણના ઉપદેશ પછી પણ અર્જુન પૂર્વગ્રહો સાથે અનિશ્ચિતતાથી લડે છે. ભગવાનના ઉપદેશ પછી પણ પોતાની વિચારશક્તિમાં પરિવર્તન લાવવું દુષ્કર છે. અભિમન્યુના મૃત્યુ બાદ તેનામાં રહેલા લડાયક યોધ્ધો જાગૃત થઈ જાય છે. અભિમન્યુવધ મહાભારતનાં યુધ્ધનું અને અર્જુનના માનસ પરિવર્તનનું માનબિંદુ છે. ગીતાજ્ઞાનથી જે ન થયું તે અભિમન્યુવધથી થયું. તટસ્થ રહેતો અને સગાઓ તેમ જ ગુરુજનો સામે લડવામાં વિષાદ અનુભવતો અર્જુન એક જ ઝાટકે સમૂળગો બદલાઈ ગયો. ત્યાર પછીનો જંગ લોહિયાળ બન્યો. શરૂઆતના દસ દિવસમાં બન્ને પક્ષે માત્ર બબ્બે અક્ષૌહિણી સેના હણાઈ હતી ત્યાર બાદ પછીના આઠ દિવસમાં કુલ મળીને ચૌદ અક્ષૌહિણી સેનાઓનો ખાતમો થયો.

(૧૬) એકલવ્ય, વાસુદેવના ભાઈ દેવાશ્રવનો પુત્ર હતો. એ અર્થમાં તે કૃષ્ણનો કઝીન છે. તે ગુરુ દ્રોણ દ્વારા ખોટી રીતે છેતરાયો હતો અને અર્જુનને સર્વશ્રેષ્ઠ ધનુર્ધર ઘોષિત કરવા માટે તેમણે એકલવ્યનો અંગૂઠો ગુરુદક્ષિણામાં માંગી લીધો હતો. ત્યાર બાદ કૃષ્ણે તેને વરદાન આપ્યું કે બીજા જન્મમાં તે ધૃષ્ટદ્યુમ્ન તરીકે અવતાર લઈ દ્રોણનાં મૃત્યુનું કારણ બનશે. ધૃષ્ટદ્યુમ્નનો જન્મ યજ્ઞવેદીમાંથી થયો હતો. યજ્ઞવેદી એટલે જ તૈયાર કરવામાં આવી હતી.

(૧૭) દુર્યોધને પોતાની પુત્રીનું લગ્ન કૃષ્ણના પ્રથમ પુત્ર સાથે કરવાનું વચન આપેલ. રુક્મિણી અને સત્યભામાએ લગભગ એક સાથે પુત્રોને જન્મ આપ્યો પરંતુ રુક્મિણીનો પુત્ર પ્રદ્યુમ્ન પ્રથમ જન્મેલો ઘોષિત થયો. પ્રદ્યુમ્નનું જન્મના પ્રથમ દસ દિવસમાં જ અપહરણ થઈ ગયું. દુર્યોધનની પુત્રી લક્ષ્મણીનું લગ્ન કૃષ્ણ અને જાંબુવતીના પુત્ર સામ્બ સાથે થયું. લક્ષ્મણીને કર્ણનાં પુત્ર વૃષસેન સાથે લગ્ન કરવા હતા પરંતુ સ્વયંવરમાંથી સામ્બે તેનું અપહરણ કરી લગ્ન કર્યા.

(૧૮) કુંતીનું નામ પૃથા હતું. પૃથાનો એક અર્થ પૃથ્વી થાય છે. તે પૃથ્વીની દેવી છે પૃથાનો પુત્ર પાર્થ એટલે અર્જુન કહેવાય છે. પૃથ્વીને વસુંધરા કહેવાય છે અને કૃષ્ણ પૃથ્વી એટલે કે વસુંધરાના દેવ છે. મહાભારતમાં કુંતીને કુંતીભોજ દત્તક લે છે. તે જ રીતે રામાયણમાં દશરથ પુત્રી શાન્તાને રોમપદ દત્તક લે છે. શાંતા, દશરથ અને કૌશલ્યાની પુત્રી હતા. જે ચારે ભાઈઓથી મોટા હતા. રોમપદની પત્ની વૃષિણી કૌશલ્યાના બહેન હતા. શ્રૃંગઋષિ શાન્તાના પતિ હતા.

(૧૯) દ્વારકામાં રુક્મિણીનું મંદિર કૃષ્ણથી અલગ છે. રુક્મિણી જ્યારે દુર્વાસાનો રથ ખેંચતા હતા ત્યારે તેને તરસ લાગી. દુર્વાસાને પાણી આપણાં પહેલા પોતે પી લીધું

તેથી દુર્વાસા ગુસ્સે થયા અને શાપ આપ્યો જેથી રુકમણી પોતાના પતિ સાથે મંદિરમાં રહી શકતી નથી.

(૨૦) કૃષ્ણે ભાગ્યે જ અધિકારવાણી ઉચ્ચારી છે. કૃષ્ણના સમગ્ર કૃષ્ણત્વની કસોટી ઉત્તરાના ગર્ભને જીવિત કરવા સાથે સંકળાયેલી છે. કૃષ્ણના વ્યક્તિત્વને સમજવાની આ ચાવી છે.

કૃષ્ણ કહે છે –

(૧) જો મેં ક્યારેય મિથ્યાચરણ ન કર્યું હોય

(૨) યુધ્ધમાંથી ક્યારેય પાછો ન હટયો હોય

(૩) મને ધર્મ અને બ્રાહ્મણ વિશેષ પ્રિય હોય

(૪) મેં ક્યારેય અર્જુનનો વિરોધ ન કર્યો હોય

(૫) સત્ય અને ધર્મમાં મારી નિત્ય પ્રતિષ્ઠા રહી હોય અને

(૬) કંસ અને કેશીનો વધ મેં ધર્મ અનુસાર કર્યો હોય તો આ બાળક સજીવન થાઓ. તે જ સમયે મૃત બાળકમાં ચેતના પ્રગટે છે. કૃષ્ણનાં સત્ય અને ધર્મનો આ જય હતો.

(૨૦) કૃષ્ણે સ્વમુખે એમની જીવનદૃષ્ટિ પ્રગટ કરી છે.

– કુળને માટે માણસનો ત્યાગ કરવો

– ગામને માટે કુળનો ત્યાગ કરવો

– દેશને માટે ગામનો ત્યાગ કરવો

– આત્માને ખાતર બધાનો ત્યાગ કરવો

વ્યાપક ધર્મની રક્ષા માટે, સંકુચિત ધર્મનો ભોગ આપવો એ જ ધર્મ છે.

(૨૧) કુરુક્ષેત્ર અને યાદવાસ્થળી બંનેમાં મહાસંહાર થયો. ગીતાની શરૂઆતમાં કુળનાશના પરિણામો અર્જુને આપ્યાં છે તે કુરુવંશમાં આવ્યા નથી પણ યાદવવંશમાં આવ્યા છે. કુરુઓનો સર્વનાશ નથી થયો. લડાઈથી અલિપ્ત રહેનાર હજારો લોકોને ઉની આંચ આવી નથી. આથી કુળધર્મ લોપાયો નથી કે વ્યભિચાર ફેલાયો નથી. પરિક્ષીતે સંભાળીને ટકાવી રાખ્યું. દ્વારકામાં તમામ યાદવ કુટુંબો નાશ પામ્યા છે.

રમેશભાઈ ભોગીલાલ પરીખ (મુંબઈ)પરિવારના જય શ્રી કૃષ્ણ.

કુરુક્ષેત્રનું યુધ્ધ અઢાર દિવસ લાંબુ ચાલ્યું. જયારે યાદવાસ્થળી માત્ર ત્રણ કલાકમાં સમાપ્ત થઈ. બન્નેમાં કુળવિગ્રહ છે. એકમાં યુધ્ધ છે, સંઘર્ષ છે જયારે બીજામાં માત્ર ખૂનામરકી છે. કુરુક્ષેત્ર ધર્મક્ષેત્ર કહેવાય છે જયારે યાદવાસ્થળી પાપભૂમિ કહેવાય છે. કુરુક્ષેત્રની યાત્રા થાય છે. યાદવાસ્થળીની યાત્રા કોઈ કરતું નથી.

(૨૨) કૃષ્ણે મથુરાથી ખૂબ દૂર ગુજરાતમાં દ્વારકાની પસંદગી શા માટે કરી ? યદુને એવો શાપ હતો કે તારા વંશજો એવી જગ્યાએ રહેશે કે જયાં હંમેશા હોડીઓથી આવ જા કરવી પડે. યાદવો ટાપુવાસીઓ હતા. સૌરાષ્ટ્ર દરિયાથી ચોમેર ઘેરાયેલો પ્રદેશ હતો. તે ધ્યાનમાં લઈને મહાભારત સૌરાષ્ટ્રને યાદવોની મૂળભૂમિ ગણાવે છે. દુશ્મનોથી સુરક્ષિત રહેવા માટે દ્વારકા નગરી તદ્દન યોગ્ય હતી. મથુરાથી તે ઘણી દૂર પણ હતી. તેથી જરાસંધ કે અન્ય દુશ્મનોનો ભય ન હતો. જો કે કૃષ્ણ દ્વારકાના સમ્રાટ નથી પણ તેનું સંવધર્ન કરવાનું, સુશોભિત કરવાનું અને યાદવવંશીઓ માટે જે તેનું મહત્વનું સત્તા કેન્દ્ર બનાવવાનું કાર્ય કૃષ્ણ કર્યું છે.

(૨૩) બાર વર્ષ વનમાં અને એક વર્ષ અજ્ઞાતવાસમાં વિતાવ્યા બાદ પાંડવો ઈન્દ્રપ્રસ્થ આવ્યા ત્યારે દુર્યોધને દલીલ કરી કે ખરેખર તેર વર્ષ પસાર થયા નથી. કૃષ્ણે અજ્ઞાતવાસ દરમ્યાન થોડા સમય પહેલા જ પાંડવોને પરત ફરવાનું કહ્યું હતું. ખરેખર, તે વર્ષે અધિક માસ હતો જે દર ત્રણ વર્ષે સૂર્ય કેલેન્ડર અને ચંદ્ર કેલેન્ડરના તફાવતને કારણે આવે છે. એનો અર્થ એ થયો કે પાંડવોએ વનમાં તેર વર્ષ કરતાં અધિક સમય વિતાવ્યો હતો. દુર્યોધને આ સમજૂતિને માનવાનો ઈન્કાર કર્યો પરંતુ સમયની ગણના માટે રાજજ્યોતિષની સલાહ સ્વીકારવામાં આવી.

(૨૪) કુરુક્ષેત્રના યુધ્ધના આરંભે દુર્યોધને સહદેવ પાસે આવીને મુહૂર્ત કાઢી આપવાનું કહ્યું. સહદેવ અને દુર્યોધન શત્રુઓ હતા. પણ સહદેવ જ્યોતિષી હતો, ભવિષ્યવેત્તા હતો. એનો ધર્મ હતો–કૌશલ્યને પ્રામાણિક રહેવું. સહદેવે શ્રેષ્ઠ મુહૂર્ત કાઢી આપ્યું. કૃષ્ણે યુદ્ધનો જ દિવસ જ બદલી નાંખ્યો જેથી પાંડવોનો વિજય થાય. આ કૃષ્ણનો ધર્મ હતો.

**(ક્રમશઃ)**

**– હિમાંશુ શાહ, અમદાવાદ**
**મો. ૯૪૨૯૦ ૬૭૮૯૦**

શાંતિલાલ મકનજી શાહ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

## શબ્દ-સરોવરમાં ડૂબકી....૩



મુરબ્બી જ્ઞાતિજનો,

આશા છે શબ્દ સરોવર ડૂબકી ભાગ – ૧ અને ૨ આપ સૌને પસંદ આવ્યા હશે અને તે જ પ્રમાણે આજે એક સુંદર સંવાદ, કવિ શ્રી ડો. ભરત ગોહિલના અદ્વિતીય અનુપમ કાવ્ય સાથે કરવો છે, જે હાલમાં ચાલી રહેલી અત્યંત વિકટ અને ગંભીર પરિસ્થિતિમાં આપણું અને શ્રી હરિનું તાદાત્મય ખૂબ જ સુંદર રીતે પ્રાર્થનારૂપે સાધી શકાય તેટલી ઉત્તમ કાવ્યરચના છે.

આજે વાત કરવી છે તે વાત, આજની જે એક એવી સુંદર કવિતામાંથી પસાર થશે,

જેનું શીર્ષક છે

“શરણમ્ નાન્ય વરણમ્ નાન્ય ।”

અન્ય કોઈનું શરણ પણ નહીં, વરણ પણ નહીં.

જેને આપણા પુષ્ટિ માર્ગમાં અન્યાશ્રય કહીએ છીએ, આપણી અને પ્રભુની વચ્ચે બીજા કોઈનો પણ આશ્રય આપણે નહીં લઈએ તેવી સમજ આપણા અંતરમાં ઊગે તે જ આશા સાથે આજની આ રજૂઆત છે. જે આજના ચાલી રહેલા સાંપ્રત વિકટ સમયમાં આપણે સૌ, કુટુંબીજનો સહ, આપણા સૌની સામુહિક પ્રાર્થના રૂપે અને શ્રી હરિના અનુગ્રહ માટે વિનંતી રૂપે રજુ કરીશું. શ્રી હરિના ચરણો અને શ્રી હરિના કર કમલો સદા આપણે વચ્ચે હાજર રહો. શ્રી હરિના ચરણોમાં જ્યારે ભક્તની દ્રષ્ટિ, શ્રી હરિના ચરણને પખાળે છે તે જ સમયે શ્રી હરિના શ્રીહસ્ત, ભક્તના મસ્તક ઉપર આશીર્વાદ રૂપે કરકમલો પ્રદાન થાય છે. કવિ શ્રી ડો. ભરત ગોહેલની આ રચના, અતિ સુંદર, અતિ લાવણ્યમય, મૃદુ ઉષાના ઝાકળબિંદુ કરતા પણ વધુ કોમળ તેના શબ્દો, તેનો ભાવ અને તેની દરેક પંક્તિમાં ઝળહળતો તેજોમય પ્રભુ સ્મરણનો અવકાશ !

જીવન પ્રભાતના ક્ષિતિજને હિંગળોકિયા રંગે લાલિમા પ્રદાન કરી હોય તેવા સુંદર અલૌકિક, અને પ્રભુ સ્મરણ સહ, હ્રદયસ્થ થયેલાં, ભગવદીય વાતાવરણમાં અને બુદ્ધિની પણ પાર ગયેલી એવી મહાશક્તિના અનુદાનથી પ્રાપ્ત થયેલ પ્રજ્ઞાની નિશ્રામાં રચાયેલાં આપણા સૌના આધિભૌતિક સંસારરૂપી મધુવનમાં સૂર્યના આધ્યાત્મિક તેજ કે તેજોન્મયંતા, જેના કિરણોથી રચાનારી અદભુત, ઊર્ધ્વશૈલીની તન્મયતા પ્રાપ્ત કરવા, કળી જે ખુલી

નથી અને ખુલવા જઇ રહી છે. તેવી કુસુમ કળી કે જે અવસ્થા રૂપે કદાચ મારા લલાટે પણ હોઈ શકે!

અને આ શક્ય છે માત્ર આપણી પ્રભુ પ્રત્યેની શ્રધ્ધાથી ! વિશ્વાસમાં જ્યારે ભક્તિ જોડાય છે ત્યારે શ્રદ્ધાનો જન્મ થાય છે અને શ્રદ્ધામાં જ્યારે દ્રઢતા ભળે છે, ત્યારે જ પ્રભુના અનુગ્રહ નું પ્રાગટ્ય થાય છે !

શરણમ્ નાન્ય વરણમ્ નાન્ય ।

ડો. ભરત ગોહિલ

નિષ્કંપ ઉપવને પૂર્વાભિમુખ
ઉર્ધ્વમુખી પુષ્પ કલિકા,
અધખુલ્લી, અધબીડાયેલી.
હરિતકવચદલ ગોપિત રંગવૈભવની
અલપ ઝલપ, ઝાંખી ઝલક!
મકરંદ-પતંગાને
ક્વચિત્ અનભિજ્ઞ,
મહદઅંશે દુર્લક્ષિત !
સૂર્યરશ્મિ સ્પર્શે,
સંચરિત નવચેતન,
પ્રકાશિત રંગ-સૌરભ.
અનુગ્રહના સૂચક,
ઉજ્જ્વળ ભાવિના ઉદઘોષક.
નંદિત ઉરકુસુમની નમ્ર અરજ,
કૃપાદ્દષ્ટિ મૈત્રેયની કાયમ રહો,
ધ્યેયલક્ષીયાત્રા
અવિરક્ત અનવરુદ્ધ રહો.
શરણમ્ નાન્ય વરણમ્ નાન્ય ।
અન્ય કોઈનું શરણ પણ નહીં, વરણ પણ નહીં.

આમાં અન્યાશ્રયને સ્થાન જ નથી ! છે તો માત્ર પ્રભુના ચરણારવિંદનો આશ્રય મેળવવાનું એક મહત્વનું મનોબળ !

નિષ્કંપ ઉપવને પૂર્વાભિમુખ
ઉર્ધ્વમુખી પુષ્પ કલિકા,

હરીશ રામજી વીરચંદ અને પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

અધખુલ્લી, અધબીડાયેલી,
હરિતકવચદલ ગોપિત રંગવૈભવની
અલપ ઝલપ, ઝાંખી ઝલક !

મારા પ્રાકૃતિક સ્વભાવને આપની દિવ્ય દ્રષ્ટિ પ્રદાન થાવ અને દિવ્ય દ્રષ્ટિના પ્રદાનથી અભિભૂત થયેલી મારી સમજની પ્રત્યંચા વધુ ટંકાર કરે અને તેથી જ આવનાર દિવસોના મ્હારા જીવનસંઘર્ષમાં તે વધુ સહાયભૂત બને !

ભૌતિક એવું મારું મન, ભ્રમર વૃત્તિને તે જ્ઞાત ન પણ હોય અથવા કદાચ મારી અલ્પમતિ એ એના તરફ દુર્લક્ષ્ય પણ સેવ્યું હોય અને છતાં આપની કૃપાથી સંભવિત છે. જ્ઞાનનો સૂર્ય મને સ્પર્શે મારામાં કોઈ એવી ચેતનાનો સંચાર થાય જેની અનુભૂતિ હું પ્રથમ વખત કરી રહ્યો હોઉં અને આપના પ્રભાવના શરણોમાં મારી ગતિ પ્રવૃત્ત કરું !

------

મકરંદ-પતંગને
ક્વચિત્ અનિભિજ્ઞ,
મહદઅંશે દુર્લક્ષિત !

દિવ્ય તેજ, અનુપમ પરિમલ, અનન્ય વાતાવરણ મારા જીવનના પર્યાય બને, કારણકે પ્રભુના કવચ કુંડળથી રક્ષિત છતાં ગર્ભિત એવા ગોવર્ધનધારીના વૈભવથી બલિહારી મને પ્રાપ્ત થાઓ. જેનાથી મારું સમગ્ર અસ્તિત્વ તેજોદીપ થાય, દૈદિપ્યમાન થાય.

આપના નિર્દેશ માત્રથી અને આપના અનુગ્રહથી જ અમારા સૌના ભવિષ્ય ઉજ્જવળ, તેજોમય અને પ્રકાશિત બનશે. રંગોથી ઉભરાશે, સૌરભ પ્રસરશે અને માત્ર આપના આશીર્વચનથી જ અમે સર્વ રીતે સુરક્ષિત રહીશું.

મારા અંતઃકરણમાં ઉર્જા ઉઠે કે આવનાર ભવિષ્યમાં મારા જીવનના દરેક ક્ષેત્રમાં પ્રભુ પ્રેમનું પ્રતિક બની જાય જેનાથી નિશ્ચિંત ભવિષ્ય કે જે માત્ર પ્રભુના આશ્રયમાં જ હોય અને તે જ મારા ભાવિ ભવિષ્યવક્તા હોય.

------

સૂર્યરશ્મિ સ્પર્શે,
સંચરિત નવચેતન,
પ્રકાશિત રંગ-સૌરભ.
અનુગ્રહના સૂચક,
ઉજ્જવળ ભાવિના ઉદ્‌ઘોષક.

આપનો અનુગ્રહ આપના વિનિયોગે આપની પ્રત્યક્ષ હોવાની ગરજ મને સારે છે

સ્વ. હરીદાસ ચત્રભૂજ શાહ (ભૂજ) ના જય શ્રી કૃષ્ણ.

અને આપના થકી આપના ચરણકમળ મારામાં અત્યંત આધ્યાત્મિકતાનો પ્રાદુર્ભાવ કરે છે.

આપની યાદથી અત્યંદ આનંદમય થયેલા આ દેહને માત્ર આપની દ્રષ્ટિ પ્રદાન કરજો. પ્રભુને માત્ર એટલી જ પ્રાર્થના આપની કૃપાદ્રષ્ટિ મુજ પર કાયમ રહો જેનાથી મારી આધ્યાત્મની આ યાત્રા ધ્યેયલક્ષી બનો અને અને મારી દરેક ક્રિયા અવિરત અચળ રહે.

---------

નંદિત ઉપકુસુમની નમ્ર અરજ,<br>
કૃપાદૃષ્ટિ મૈત્રેયની કાયમ રહો,<br>
ધ્યેયલક્ષીયાત્રા<br>
અવિરત અનવરુદ્ધ રહો.<br>
શરણમ્ નાન્ય વરણમ્ નાન્ય ।<br>
અન્ય કોઈનું શરણ પણ નહીં, વરણ પણ નહીં.

આ રચનાની સમક્ષ વંદનીય કવિવર્ય શ્રી રવિન્દ્રનાથ ટાગોરજીની આ અપ્રતિમ રચનાનું મનન કરીએ.

અંતર મમ વિકસિત કરો,<br>
અંતર મમ વિકસિત કરો અન્તરતર હે,<br>
નિર્મળ કરો, ઉજ્જવલ કરો, સુંદર કરો હે...<br>
જાગ્રત કરો, ઉદ્યત કરો, નિર્ભય કરો હે,<br>
મંગલ કરો, નિરલસ નિ:સંશય કરો હે...<br>
યુક્ત કરો હે સબાર સંગે મુક્ત કરો હે બંધ,<br>
સંચાર કરો સકલ કર્મે શાન્ત તોમાર છંદ...<br>
ચરણપદ્મે મમ ચિત્ત નિષ્પંદિત કરો હે,<br>
નંદિત કરો, નંદિત કરો, નંદિર કરો હે...<br>
– રવિન્દ્રનાથ ટાગોર

અમારા પ્રત્યેક કર્મમાં તમામ શાંત છંદનો એટલે કે લયનો સંચાર કરો....

**કાવ્ય પંક્તિઓ : ડો. ભરત ગોહેલ**

**પ્રવાહ સૂત્રધાર : હરીશ શાહ, વડોદરા, મો. ૯૮૭૯૫ ૦૩૩૬૨**<br>
**તંત્રી, Vayconnect – ભૂતપૂર્વ તંત્રી, વાયડામિત્ર**

## આફ્રિકન ડાયરી ભાગ – ૧૪ (Accra Ehana) ની મુલાકાત



કે–૧૯૯૨ની વીઝીટ પુરી કરી નવેમ્બર ૧૯૯૨ ની શરૂઆતમાં લાગોસ પહોંચ્યો. મી. અકોશન આક્રા (ઘાના) પહોંચી નવી પ્લાન્ટ ને ગતિમાન કરવા પહેલેથી જ પહોંચી ગયા હતાં. કેટલાક ટેકનીકલ પ્રોબ્લમ્સને લીધે હજુ ફેકટરી ચાલુ થઈ ન હોતી. આથી ડીસેમ્બર ૧૯૯૨ના પહેલા સપ્તાહમાં મારે આક્રા (ઘાના) જવાનું થયું.

લાગોસના મુરતાલા મહમદ એરપોર્ટ થી રવાના થઈ અમારું પ્લેન આક્રાના કોટોકા ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લેંડ થયું. કોટોકા એરપોર્ટ ઘાનાનું એક માત્ર ઈન્ટરનેશનલ એરપોર્ટ છે. લેગેજ કલેક્ટ કરી એરપોર્ટ ની વિધિ પતાવી, એક્ષ્ચેન્જ કાઉન્ટર પરથી ઘાનાની લોકલ કરન્સી લઈ કંપનીના ગેસ્ટ હાઉસ ઉપર પહોંચ્યા. આક્રા ઘાનાનું કેપીટલ છે. તે ખૂબ જ ગીચ વસ્તી વાળુ શહેર છે તે ઉપરાંત અનેક આર્થિક સેન્ટરો પણ અહીં સ્થાપિત છે. આક્રામાં ફીશીંગ, પ્રોસેસ ફૂડ, પ્લાયવુડ, ટેક્ષટાઈલ્સ અને કેમીકલ્સના ઉદ્યોગો આવેલા છે. તે સિવાય ટુરીઝમ, આર્ટ્સ અને હેન્ડીક્રાફટ માટે પણ આક્રા પ્રખ્યાત છે. કેટલીય ઐતિહાસિક સ્ટ્રીટ, બીઝનેસ હબ તથા નાઈટ લાઈફ માટે જાણીતી છે. યુનિવર્સિટી ઓફ ઘાના તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓ અહીં આવેલી છે. નેશનલ થીયેટર, નેશનલ મ્યુઝીયમ ઐતિહાસિક જગાઓ જેવી કે જેમ્સ ટાઉન એરીયા, જયુબીલી હાઉસ, (જેમાં ઘાના સરકાર અને પ્રમુખની ઓફીસો આવેલી છે.) પાર્લામેન્ટ હાઉસ, આક્રો સ્પોટર્સ સ્ટેડીયમ વિ. અહીં આવેલા છે. તે સિવાય અનેક ચર્ચો અને બીચીસ અહીં આવેલા છે. તેમાં લાબાદી બીચ ખાસ ફેમસ છે.

અહીં વાતાવરણ ખુશનુમા રહે છે અને સહારા રણનો નજદીકીને કારણે ઈરમટન સીઝન પણ અનુભવવા મળે છે. વસ્તીમાં અનેક લોકલ ટ્રાઈલ્સ છે. ટ્રાન્સપોર્ટ માટે બસ, ટેક્ષી અને અન્ય રોડ વાહનો જેવા કે વાન, મીની બસ વપરાય છે. ફુટબોલ અહીંની લોકપ્રિય ગેમ છે.

ઘાનાનું નામ આવતાં કોફી અનાન (Kofi Annan) અચૂક યાદ આવે. તેઓ પહેલાં DPKO (Department of Peace Keeping Operations) ના અન્ડર સેક્રેટરી

જેઠાલાલ કલ્યાણજી પરિવાર, ભૂજ ના જય શ્રી કૃષ્ણ.

છે જનરલના ડેપ્યુટી અને ત્યારદ બાદ DPKO ના સેક્રેટરી જનરલ બન્યા હતા. તે પછી તેઓ યુનોના સેક્રેટરી જનરલ તરીકે નિયુક્ત થયા હતા. ૨૦૦૧માં યુનો અને કોફી અનાનને સયુક્ત પણે નોબેલ શાંતિ પુરસ્કાર મળેલ.

આફ્રામાં મારા ત્રણ દિવસના રોકાણ દરમ્યાન સરસ અનુભવ થયા. લાગોસ કરતાં અહીંની રહેણી કરણી વધારે પસંદ પડે એવી હતી. ફેકટરીનું કામ પતાવી ફરી પાછો લાગોસ પહોંચ્યો.

વર્ષ ૧૯૯૨ અને ૧૯૯૩માં નાઈજીરીયાના પોલીટીકલ હાલત ખૂબ અશાંતિ ભરેલા રહયા. મીલીટરી જનરલ ઈબ્રાહીમ બાબાંગીદાએ પ્રેસીડેન્ટ તરીકે સત્તા ટકાવી રાખવા અનેક કાવાદાવા કર્યા. હવે બાબાંગીદાની કારકીર્દી તરફ નજર કરીએ.

ડીસેમ્બર ૧૯૮૩માં બ્રીગેડીયર જનરલ ઈબ્રાહીમ બાબાંગીદા (ડાયરેકટર ઓફ આર્મી સ્ટાફ એન્ડ પ્લાન્સ) એ મીલીટરી બળવાનું પ્લાનીંગ કરી પ્રમખુ શેહૂ શાગારી નીચેની સેકન્ડ રીપબ્લીક સરકારને ઉથલાવી પાડી. બાબાંગીદી અને બીજા બળવામાં સાથ આપનારાઓ મળી જનરલ મુહમદુ બુહારીને નાઈજીરીયાના મીલીટરી હેડ તરીકે નિયુક્ત કર્યા અને બાબાંગીદા પોતે ચીફ ઓફ આર્મી બન્યા.

પરંતુ બાબાંગીદાએ થોડા સમયમાં એટલે ઓગસ્ટ, ૧૯૮૫માં ફરીથી સાથીદારોની મદદથી બળવો કરી પોતે સત્તા હાથમાં લીધી. (નોંધ : મુહમદુ બુહારી ૨૦૧૫ની ચુંટણીમાં ઉભા રહ્યા અને નાઈજીરીયાના પ્રેસીડન્ટ બન્યા અને હજુ ૨૦૨૦માં તે હોદ્દો જાળવી રાખ્યો છે.)

૧૯૮૫ થી ૧૯૯૩ સુધી બાબાંગીદા મીલીટરી પ્રમુખ પદે રહ્યા ૧૯૮૯માં બાબાંગીદાએ થર્ડ નાઈજીરીયા રીપબ્લીક બનાવવાનો પ્લાન ઘડયો. ૧૯૯૧માં ચૂંટણીની જાહેરાત કરી અને ૧૯૯૨માં ચૂંટણી યોજાઈ. પરંતુ સત્તા હાથમાંથી જતી જોઈ બાબાંગીદાએ ચૂંટણીના પરીણામ રદ જાહેર કર્યા. પરંતુ વિરોષ પક્ષ એસડીપી (સોશીયલ ડેમોક્રેટીક પાર્ટી) એ ફરીથી ચુંટણી કરવાં માંગણી કરી. જૂન ૧૯૯૩માં ફરીથી ચૂંટણી થઈ એસડીપીના મોશૂદ એબીઓલાએ બાબાંગીદાની પાર્ટીના ઉમેદવારોને જબરદસ્ત બહુમતીથી હરાવ્યા. પરંતુ બાબાંગીદાએ ફરીથી ચૂંટણી પરીણામને રદ જાહેર કર્યા અને ઓગષ્ટ ૧૯૯૩માં અર્નેસ્ટ શોનેકારને એસડીપીના મોશૂદ એલીઓલાને વાઈસ પ્રેસીડેન્ટની પોસ્ટ ઓફર કરી.

સ્વ. જયાબહેન જેઠાલાલ ખેંગાર શાહ, મુલુન્ડ, મુંબઈ પરિવારના જય શ્રી કૃષ્ણ.

સ્વ. વિદ્યાબહેન જમનાદાસ પારેખ (પાટણ) પરિવારનાં જય શ્રી કૃષ્ણ.

પરંતુ તેમણે તે સ્વીકારી નહી. મહીનાઓ સુધી સત્તા માટે ખેંચતાણ ચાલુ રહી.

આખરે મીલીટરી જનરલ સાની આબાચાએ નવેમ્બર ૧૯૯૩માં પ્રેસીડેન્ટ અર્નેસ્ટ શોનેકાનને સત્તા છોડી દેવા મજબૂર કર્યા અને પોતે નાઈજીરીયાના મીલીટરી જનરલ તરીકે પ્રેસીડેન્ટ બન્યા.

ઈબ્રાહીમ બાબાંગીદાના આઠેક વરસના શાસન દરમયાન નાઈજીરીયાના લોકોએ ઘણું સહન કરવું પડયું. આ સમયમાં કરપ્શન એકદમ વધી ગયું. જોકે આઈ.એમ.એફ. અને વર્લ્ડ બેન્કની સહાયથી નાઈજીરીયન ઈકોનોમીનો ઉદ્ધાર કરવા અનેક નવી નીતિઓ અમલમાં આવી. પરંતુ વધતી મોંઘવારી અને ઘટતા પગાર ધોરણને કારણે લોકોએ બળવો કર્યો. નાઈજીરિયન કરન્સી નાયસનું પણ સારૂં એવું અવમુલ્યન થયું આ દરમ્યાન બાબાંગીદા ના વિરોધીઓએ બળવો કરી સત્તા હાથમાં લેવામાં પ્રયત્ન કરેલ પણ તે નિષ્ફળ નીવડયો અને તેઓ આબાદ બચી ગયા.

લોકો અવારનવાર બાબાંગીદાનો વિરોધ કરવા રસ્તા પર ઉતરી આવતા. ક્યારેક સંપૂર્ણ હડતાલ તો ક્યારેક પેટ્રોલપમ્પની હડતાલ આ દરમ્યાન ગાડી લઈને બહાર જવું મુશ્કેલ થઈ જતું. પેટ્રોલ અને ડીઝલના ડ્રમ ભરી સ્ટોક રાખવો પડતો.

જુલાઈ ૧૯૯૩ના પહેલા સપ્તાહમાં વેકેશનમાં મુંબઈ જવાનો પ્લાન હતો. જવાને આગલે દિવસે આખું લાગોસ સંપૂર્ણપણે બંધ હતું. પબ્લીક ટ્રાન્સપોર્ટ, કાર વિ. ટ્રાન્સપોર્ટ બંધ ! બીજે દિવસે સાંજની અમારી ફલાઈટ હતી. એક મિત્રે તેમની ગાડીમાં અમને એરપોર્ટ છોડવાની તૈયારી બતાવી જવાને દિવસે બપોરે અમારો ડ્રાઈવર આવી પહોંચ્યો. અને નવાઈ લાગી તે કેવી રીતે આવ્યો કારણ કે પબ્લીક ટ્રાન્સપોર્ટ વિ. બધુ બંધ હતું. અને તે ઘણો દૂરથી આવતો હતો. તેને પૂછયું હાઉ ડીડ યુ કમ? તેણે જવાબ આપ્યો માસ્ટર આ કમ વીથ માય લેગ (હું ચાલતો આવ્યો!) લોકલ ડ્રાઈવર સાથે હોય રસ્તામાં પોલીસ કે તોફાન કરનારાઓ સાથે લોકલ ભાષામાં સમજાવી શકે. તેથી ડ્રાઈવરને લઈ અમે એરપોર્ટ જવા નીકળ્યા. રસ્તામાં બે એક જગાએ અમારે ટોળાનો સામનો કરવો પડયો પરંતુ નસીબ જોગે બહુ વાંધો આવ્યો નહી અને અમે સમયસર એરપોર્ટ પહોંચી ગયા.

– અમૃતભાઈ વાયડા, મુંબઈ
મો. ૯૮૨૧૪ ૬૩૭૯૫

સ્વ. જશરાજ ભીમજી શાહ (ભૂજ–માંડવી)ના પરિવારના જય શ્રી કૃષ્ણ.

આર.વી જ્વેલર્સ (ભરુચ) ના સૌજન્યથી

# મીઠા સંબંધો



જીવનમાં તંદુરસ્તીનું સૌથી અગત્યનું સ્થાન છે. તે પછી મીઠા સંબંધોનું સ્થાન છે. હાવર્ડ યુનિવર્સિટીએ ૮૦ વર્ષ સુધી સંશોધન કરી તારણ કાઢયું છે તે જે લોકો અરસપરસ મીઠાં સંબંધો ધરાવે છે તે સૌથી સુખી લોકો છે. પૈસા અને સફળતા કરતા પણ મીઠા સંબંધો અગ્રસ્થાન ધરાવે છે.

અરસપરસ મીઠા સંબંધો છે કે નહીં તે કેવી રીતે નક્કી કરવું ? તમે કોઈની સાથે મીઠાશથી બોલો અને તે તમારી સાથે મીઠાશથી બોલે તેટલા માત્રથી મીઠા સંબંધો છે તેમ કહી શકાય નહીં. પરંતુ તે નક્કી કરવાનો સરળ માર્ગ એ છે કે તમારા મનમાં તે વ્યક્તિ માટે કેવા વિચારો છે અને તે વ્યક્તિના મનમાં તમારા માટે કેવા વિચારો છે. જો મનમાં ઈર્ષ્યા, દ્વેષ, વેરવૃત્તિ હશે અને છતાં શબ્દો મીઠા હશે તો મીઠા સંબંધો સ્થપાશે નહીં. વિચાર અને આચાર વિરોધાભાસી થતાં વિરોધાભાસી શક્તિના આંદોલનો પેદા થશે. તેથી માત્ર બાહ્ય રીતે જ સારા દેખાવાનો પ્રયત્ન ન કરો. મનથી પણ નિર્મળ બનો.

આ માટે થોડાક સામાન્ય નિયમો તમને મીઠા સંબંધો સ્થાપવામાં મદદ કરશે.

(૧) પ્રેમ : દરેકને ચાહો, કોઈ પ્રત્યે પૂર્વગ્રહ નહીં, ફરિયાદ નહીં, સામી વ્યક્તિ શું કહે છે તે મહત્વનું નથી. તમે બિનશરતી પ્રેમ દર્શાવો તો સંબંધો મીઠા બનશે.

(૨) અપેક્ષા ન રાખો : કોઈની પાસે કોઈ પણ પ્રકારની અપેક્ષા ન રાખો. સામાન્ય રીતે અપેક્ષા રાખવાથી દુ:ખ ઉત્પન્ન થવાના સંજોગો ઉભા થઈ શકે છે. પરિણામે મીઠા સંબંધો સ્થપાતા નથી.

(૩) સ્વીકાર : પરિસ્થિતિ અને વ્યક્તિનો સ્વીકાર સ્વભાવ કેળવો. આપણી ઈચ્છા પ્રમાણે દરેક વ્યવહાર નહીં હોય. દરેક પરિસ્થિતિ અનુકુળ દરેક માણસમાં કંઈક ને કંઈક ત્રુટીઓ તો હોય આનો સ્વીકાર કરીએ તો સંબંધો મીઠા થાય.

(૪) અન્યની સંભાળ : તમારા પતિ કે પત્નિની સંભાળ લો, તેમની કાળજી રાખો, તે જ પ્રમાણે સગાવહાલાં, મિત્રતા, પાડોશીઓની શક્ય તે સંભાળ રાખો.

(૫) મા–બાપ અને વડીલોનું સન્માન : આ માત્ર ફરજ જ નથી. પરંતુ મીઠા સંબંધો

મે. ભરૂચ સ્ટીલ ટ્રેડર્સ – મે. શ્રીજી ટ્રેડર્સ (ભરૂચ)ના સૌજન્યથી.

સ્થાપવા માટે પાયાની જરૂરિયાત પણ છે. તે જ પ્રમાણે મા–બાપે અને વડીલોએ યુવાન વ્યક્તિઓનું ગૌરવ જળવાય તે ધ્યાનમાં રાખવું જોઈએ.

(૬) દરરોજ સાંજે સહભોજન : કુટુંબના દરેક સભ્યોએ દરરોજ સાંજે ડીનર ટેબલ પર સાથે બેસવું જોઈએ. જેથી કૌટુંબિક ભાવના દ્રઢ બને છે. મોબાઈલ અને ટી.વી.નો ઉપયોગ તે સમયે ટાળો. ધંધા – વ્યવસાયની વાતો ન કરો. રસોઈના વખાણ કરો, આનંદની વાતો કરો. ભોજન શરૂ કરતા પહેલા નાનકડી પ્રાર્થના કરો.

(૭) બધામાંથી સારું તત્વ શોધો : દરેક વ્યક્તિમાં કોઈને કોઈ સારી બાબત તમને જરૂર મળી જશે તે માટેની દ્રષ્ટિ કેળવો, તમારી નજર શુભ તરફ રાખો, નબળાઈઓ નજર અંદાજ કરો.

ચાલો, આજથી જ સંબંધોને વધુ મીઠા બનાવીએ.

**– શરદભાઈ શાહ, મહેસાણા**

**કાવ્ય**

ગયેલો સમય પાછળ આવતો નથી
મને મારુ નસીબ તને તારા પ્રભુ વ્હાલા
એકાંત માં સાથે ગાળેલા સમયને
યાદ કરીને ખૂબ રડયો
મને મારું નસીબ, તને તારા પ્રભુ વ્હાલા
જીવનમાં ઘણા દુ:ખો સહન કર્યા
એના માટે મને દોષ ના દેતી
એક છેલ્લો આધાર હતો તે પણ છૂટી ગયો.
મને મારું નસીબ તને તારા પ્રભુ વ્હાલા
સારું થયું કે તે એ સમય ને માણ્યો નહિ
મારા માટે જીવનની સવાર પણ રાત બનીને આવી
મારી વરયાત્રા, મારી સ્મશાન યાત્રા બનીને આવી
મને મારું નસીબ, તને તારા પ્રભુ વ્હાલા

**– કમલેશ પરીખ**

ડૉ. કિશોરભાઈ રસિકલાલ પરીખ (અંકલેશ્વર)ના જય શ્રી કૃષ્ણ.

# કોરોનાને એક વર્ષ



કોરોનાનું ભારતમાં બાળમરણ થઈ જવું જોઈએ, તેને બદલે આપણે તેનો એક વર્ષનો જન્મદિવસ ઉજવી રહ્યા છીએ. વર્ષ ૨૦૨૦માં ઘણા લોકો માનતા હતા કે “આ વર્ષ જ ખરાબ છે, વર્ષ ૨૦૨૧માં કોરોના નાબૂદ થઈ જશે.” પરંતુ તે તો વર્ષ બદલાવા છતાં નથી ગયો, તેનું એક કારણ એ પણ છે કે વર્ષ બદલાયું, પરંતુ આપણે હજુ સુધી નથી બદલાયા, આપણી જીંદગીમાં માસ્ક અને સેનિટાઈઝર ને સામેલ રાખવા હજુ જરૂરી છે , આપણે ગફલતમાં રહ્યા, અને કોરોના આપણા પર રાજ કરવા લાગ્યો.

આખી દુનિયામાંથી કોરોના હજુ સુધી જવાનું નામ લેતો નથી. હવે તો, આપણે જ તેની સાથે રહેવા માટે ટેવાવું પડશે અને આપણે આપણી દિનચર્યામાં માસ્ક અને સેનિટાઈઝરને હંમેશા સામેલ રાખવા જ પડશે.

કોરોના હજુ સુધી કેમ નથી ગયો ? તે માટે કયા કારણો જવાબદાર છે ? તે એક અભ્યાસનો વિષય છે, તેને ફક્ત ચુંટણીઓ સાથે કે ક્રિકેટની મેચ સાથે જોડવો યોગ્ય નથી, કારણ કે ગુજરાત સિવાય પણ મહારાષ્ટ્ર, પંજાબ, રાજસ્થાન, કેરળ, કર્ણાટકમાં પણ કોરોનાની લહેર પ્રસરી રહી છે. તથા ભારત ઉપરાંત બીજા દેશોમાં (અમેરિકા, બ્રાઝિલ, ફ્રાન્સ)માં પણ કોરોનાના કેસ ભારત કરતાં વધારે ઝડપથી વધી રહ્યા છે.

ભારતમાં સ્થિતિ પ્રમાણમાં ઘણે અંશે સારી છે. ભારતમાં કોરોનાનો રિકવરી રેટ પણ સારો છે, તથા કોરોનાથી થતા મૃત્યુદરમાં પણ ઘણો ઘટાડો થયો છે, હવે ના મોટાભાગના કેસો એ-સિમ્પ્ટોમેટિક જોવા મળી રહ્યા છે. ભારતમાં કોરોનાની વેક્સિન પણ ખૂબ મોટા પાયે અપાઈ રહી છે. તથા અત્યાર સુધીમાં મોટાભાગના હેલ્થ વિભાગના તમામ સ્ટાફે વેક્સિનના બંને ડોઝ લઈ લીધા છે. જેથી તેમનામાં એન્ટીબોડી બનવાની શરૂઆત થઈ ગઈ છે તથા અત્યારે સિનિયર સિટીઝન તથા ગંભીર બિમારીથી પીડાતા લોકો પણ સામે ચાલીને વેક્સિન લેવા લાગ્યા છે, જે એક સારી બાબત છે.

પ્રવીણાબહેન દીપકભાઈ દલાલ, વિલે પાર્લે (પૂર્વ), મુંબઈ ના જય શ્રી કૃષ્ણ.

થોડા સમય પહેલાં વેક્સિનની વિરુદ્ધમાં મીડિયામાં નેગેટિવ સમાચાર પ્રસિદ્ધ થતા હતા, જેથી લોકો વેક્સિન લેતા ડરી રહ્યા હતા, પરંતુ આજે ભારતની "મેડ ઈન ઈન્ડિયા" વેક્સિન સૌથી સફળ વેક્સિન સાબિત થઈ છે. ઓક્સફર્ડની એસ્ટ્રાજેનેકા વેક્સિનને ઘણા દેશોએ બંધ કરી દીધી છે. તેઓ પણ ભારતીય વેક્સિન મંગાવીને પોતાના દેશોમાં લગાવી રહ્યા છે, ભારતે "વૈક્સિન મૈત્રી" અભિયાન હેઠળ બે મહિનામાં ૭૩ દેશોને કોરોના વેક્સિનના ૫.૯૭ કરોડ ડોઝ મોકલ્યા છે, જેમાં ૩૭ રાષ્ટ્રોને ૮૧.૨૫ લાખ રસી દાનમાં આપી છે

કોરોનાની આ બીજી લહેરને તથા કોરોનાના નવા મ્યુટેશનને અટકાવવા માટે સરકાર અસરકારક પગલાં લઈ રહી છે. તેને દરેક લોકોએ પણ સહકાર આપવો જરૂરી છે, કારણકે "જાન હૈ તો જહાન હૈ", પૈસા કમાવવા જરૂરી છે જ, પરંતુ તેવામાં જો આપણે કોરોના પ્રત્યે નિષ્કાળજી દાખવીશું, તો કોરોના આપણા પર ફરીથી રાજ કરવા લાગશે. માટે, સરકાર ના પ્રયત્નો ઉપરાંત આપણે સૌએ વ્યક્તિગત રીતે સંયમ અને સાવચેતી રાખવી જરૂરી છે. જો ફરીથી લોકડાઉન ના લાવવું હોય, કોરોનાના બીજો જન્મદિવસ ના ઉજવવો હોય, તો તે માટે આપણા સૌના સહિયારા પ્રયાસથી જ કોરોના વિરુદ્ધની આ લડાઈ આપણે જીતી શકીશું.

-------

મોદી મંત્ર

આપણે દેશમાં ટેસ્ટિન્ગ, ટ્રેકિંગ અને ટ્રીટમેન્ટ પર ફરી એક વાર ભાર આપવાની જરૂર છે. ઘણા દેશોમાં સંક્રમણની બીજી લહેર જોવા મળી રહી છે. અત્યારે કોરોના પર કાબૂ મેળવવો અત્યંત આવશ્યક છે, નહીંતર સ્થિતિ વણસી શકે એવી સંભાવનાઓ છે. દેશમાં કોવિડ વેક્સિનેશન સફળતાપૂર્વક ચાલી રહ્યું છે. અત્યારે ભારતમાં કોરોના મહામારીને કારણે મૃત્યુદર ઘણો ઓછો છે. પરંતુ સ્થિતિની ગંભીરતાને સમજીને કેસોને રોકવા માટે અત્યારથી જ પગલાં લેવાની શરૂઆત કરી દેવી જોઈએ.

-------

– રિપલકુમાર પરીખ, અમદાવાદ
મો. ૯૬૦૧૬ ૫૯૬૫૫

સ્વ. ભગવાનદાસ નારણદાસ શાહ (મુંબઈ) પરિવારના જય શ્રી કૃષ્ણ.



## "પાર વિનાનો પ્રેમ" (ગઝલ)

અઢળક છલકે રસની ગાગર, ક્યાં ક્યાં લઈને ફરીએ ?
નીમસળીમાં ભીનાં ભીનાં શ્વાસ ભરીને ફરીએ ! (૧)
પાને પાને ઈચ્છાનું આકાશ લઈને સરીએ !
મન-ચિતવનમાં શમણાંનો શણગાર સજીને ફરીએ ! (૨)
રહે ન રાધા શ્યામ વિના, એ રૂપ જ હૈયે ધરીએ,
નયનોમાં બસ, નયન સમાવી, ડૂબી જઈએ દરિયે ! (૩)
અવિનાશીનું નામ લઈને, ભવસાગરને તરીએ,
પાર વિનાનો પ્રેમ કરીને, મનમોહનને વરીએ ! (૪)

--------------

## ફૂલ શો સંબંધ (ગઝલ)

ઘર નથી તારું હવે, તું આઈનો ફોડી જજે !
છેક ઝીણો જીવ – દાણો રાઈનો તોજી જજે ! (૧)
મોહિની મનમાં વસી તાજાં મધુર ગુલમોર શી,
ફૂલ શો સંબંધ, જૂહી – જાઈનો છોડી જજે ! (૨)
શ્વાસ પર લખતો ગયો હું નામ તારું, કલ્પના !
વેદનાને છંદ, ભીની સ્યાહીનો, જોડી જજે ! (૩)
વ્હાણ મધદરિયે તરે કે આજ દરિયો શાંત છે !
સાથ ના ક્યારેય યમુના માઈનો છોડી જજે ! (૪)
તું સકળ બ્રહ્માંડનું રસધામ છે, હે, સૂર્યજા !
કૈં જનમનો બંધ આ સુખદાઈનો જોડી જજે ! (૫)

**– ઉપેન્દ્ર શેઠ (શંકુત)**

ગં. સ્વ. જયાબહેન વિશનજી એડનવાળા (લંડન)ના જય શ્રી કૃષ્ણ.

સ્વ. પ્રેમિલાબહેન કાંતિલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

## RECEIPTS TILL 31ST MARCH, 2021

| Receipt | Person name | Amt. | Place | Towards which |
|---|---|---|---|---|
| 1290 | Arvindbhai K Shah | 650 | Kutch | Diwali adv. |
| 1291 | Ramendrabhai J Parikh | 2000 | Ahmedabad | com.mes.Adv |
| 1292 | RJP Infrastructure | 1500 | Ahmedabad | Diwali adv. |
| 1293 | Prakashchandra N Shah | 350 | Ahmedabad | Diwali adv. |
| 1294 | Himanshubhai M Shah | 650 | Ahmedabad | Diwali adv. |
| 1295 | Techflow Enterprises Pvt Ltd | 3000 | Ahmedabad | Diwali adv. |
| 1296 | Nikhil Enterprise | 1500 | Pune | Diwali adv. |
| 1297 | Pradipbhai N Shah | 1500 | Pune | Diwali adv. |
| 1298 | Menaben parikh Parivar | 1500 | Ahmedabad | Diwali adv. |
| 1299 | Matharadas Shah | 1400 | Bhuj | Penal adv. |
| 1300 | Kajal Agency | 1500 | Bhuj | Diwali adv. |
| 1301 | Gautambhai J Shah | 800 | Ahmedabad | Penal adv. |
| 1302 | Drupad securities | 1500 | Ahmedabad | Diwali adv. |
| 1303 | Drupad securities | 800 | Ahmedabad | Penal adv. |
| 1304 | Rajendrabhai Kantilal Shah | 350 | Ahmedabad | Diwali adv. |
| 1305 | Samiri Dyes & chemicals | 350 | Ahmedabad | Diwali adv. |
| 1306 | Rajendrabhai Kantilal Shah | 350 | Ahmedabad | Donation |
| 1307 | Manisha Trading Corporation | 1500 | Vadodara | Diwali adv. |
| 1308 | NVP consultant Pvt Ltd | 1500 | Ahmedabad | Diwali adv. |
| 1309 | Velji Inderji Shah | 1500 | Mumbai | Diwali adv. |
| 1310 | Mulji Damodar Shah | 1500 | Mumbai | Diwali adv. |
| 1311 | Laxmiben gokaldas shah | 1500 | Mumbai | Diwali adv. |
| 1312 | Motiben Shah | 1500 | Mumbai | Diwali adv. |
| 1313 | Urvish Virendrakumar Parikh | 650 | | Diwali adv. |
| 1314 | Hetalbhai Bhanukant Shah | 350 | Ahmedabad | Diwali adv. |

'દૃષ્ટિ આઈ ક્લિનિક' – ડૉ. વત્સલભાઈ પરીખ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

| | | | | |
|---|---|---|---|---|
| 1315 | Savitaben Ramlal Parikh Parivar | 800 | Kadi | Penal adv. |
| 1316 | Shri Krishna Pressing Factory | 350 | Kadi | Diwali adv. |
| 1317 | Ashishbhai Kashiparekh | 1500 | ahmedabad | Diwali adv. |
| 1318 | Jayeshbhai Rameshchandra Shah | 1500 | | Diwali adv. |
| 1319 | Kunal diesels | 650 | Ahmedabad | Diwali adv. |
| 1320 | Parekh Global services | 650 | Vadodara | Diwali adv. |
| 1321 | Subhashbhai R Shah Parivar | 800 | Vadodara | Penal adv. |
| 1322 | Subhashbhai R Shah Parivar | 1200 | Vadodara | Penal adv. |
| 1323 | Gauri Shah Brothers | 1300 | Vadodara | Diwali adv. |
| 1324 | Shriji Car care | 350 | Ahmedabad | Diwali adv. |
| 1325 | Hasmukhbhai K Shah | 350 | Mumbai | Diwali adv. |
| 1326 | Manojbhai B Shah | 650 | Mumbai | Diwali adv. |
| 1327 | Leenaben N Shah | 2500 | Ahmedabad | Donation |
| 1328 | Bharatbhai Arvindbhai Shah | 1500 | | Diwali adv. |
| 1329 | Hetalbhai Bhanukant Shah | 800 | Ahmedabad | Penal adv. |
| 1330 | Chitaranjanbhai Shah | 11001 | Mumbai | Donation |
| 1331 | Dr. shailin Parikh | 650 | Ahmedabad | Diwali adv. |
| 1332 | Sharadbhai P Shah | 3000 | Mehsana | Diwali adv. |
| 1333 | Ahmedabad Dasha Vanik Gnati | 650 | Ahmedabad | Diwali adv. |
| 1334 | Ahmedabad Dasha Vanik Gnati | 1200 | Ahmedabad | adv. |
| 1335 | Nareshbhai R Shah | 800 | Ahmedabad | Penal adv. |
| 1336 | Yogeshwar Diamonds | 1500 | Singapore | Diwali adv. |
| 1337 | Madhusudhanbhai Shah | 200 | Ahmedabad | Penal adv. |
| 1338 | Madhusudhanbhai Shah | 200 | Ahmedabad | Penal adv. |
| 1339 | Rikeshbhai Vinodbhai Parikh | 501 | Mumbai | Donation |
| 1340 | Dr. Rohitbhai Jayantilal Shah | 800 | Patan | Penal adv. |

## સ્વ. મંજુલાબહેન રમેશચંદ્ર શાહ (કડીવાળા) પરીવારના જય શ્રી કૃષ્ણ

| | | | | |
|---|---|---|---|---|
| 1341 | Vishanji Madhavji Parivar | 800 | London | Penal adv. |
| 1342 | Vishanji Madhavji Parivar | 650 | London | Diwali adv. |
| 1343 | Pranav Electricals | 650 | Vadodara | Diwali adv. |
| 1344 | Delta Control Engineering | 350 | Mumbai | Diwali adv. |
| 1345 | Delta Control Engineering | 650 | Mumbai | Donation |
| 1346 | Nagdevi Tool steel Mart | 650 | Mumbai | Diwali adv. |
| 1347 | Indubhai Dahyabhai shah Parivar | 15000 | Ahmedabad | adv. |
| 1348 | Chandrilbhai N Shah | 400 | Ahmedabad | adv. |
| 1349 | Umakant J. Parikh | 400 | Ahmedabad | adv. |
| 1350 | B Shaileshkumar & Co. | 1500 | Vodadara | Diwali adv. |
| 1351 | Samiri Vanik Samaj Mahila Mandal | 1500 | Ahmedabad | Diwali Adv. |

– વ્યવસ્થાપક

Season's Fresh Stock of Birds Water Pots have arrived . ★★★

This summer is going to be hottest . Request every body to put earthen water bowl on your Terrace / Balcony / Garden etc for Birds and save their life .

Pls collect free earthen water from Below listed centers .

1) Suhani Foundation C/O Rangshree Marketing, 8, Sharon Park ,Opp Zansi Ki Rani Statue , Nr Shaligram Flats , Satelite Road , Ahmedabad 380015 . M +91 97275 00762 ( Bharat )

2) Vayudevta Temple Vasna Barrage Road , Vasna , Ahmedabad

3) Shri Rajiv Shah M +91 98250 36201

21, SBI Officers. Society, B/h. Bansidhar. Garden, Opp. Vijay. Shah. Notary, U turn. From. Chandra. Nagar. Cross Road, Narayan Nagar .

4) Shri Subodhkant Trivedi , M +91 98251 40965. 8, Shivalik Bungalows , 8, Nr Anandnager Cross Road , Nr Madhur Hall , Prahladnagar Road , Ahmedabad 15 .

5) Shri Gopalsimgh Khalsa, E/ 1002,sarjan tower, Gurukul road , memnagar, Ahmedabad 380052, phone M 9426354223, . Request Every one to use it for its purpose Only .

## જ્ઞાતિજનોને નમ્ર અપીલ

ભરૂચ શહેરમાં આવેલ નગરશેઠની ખડકી, નવા ડેરા ખાતે આપણી જ્ઞાતિના કુળદેવી માતાજીનું મંદિર જે છેલ્લા ૧૦૦ વર્ષ કરતાં પણ વધારે જુનું હતું. ઘણાં વર્ષોથી તેને રીપેર કરવાની જરૂરત હતી. સંજોગોવશાત આજુબાજુ રહેતા લોકોએ પોતાના મકાનો ઉતારી લેતા (જમીનદોસ્ત કર્યા) આપણા મંદિરને ઘણું નુકશાન થયું હતું. તે સંજોગોમાં ટ્રસ્ટીઓએ બીલ્ડરને સાથે રાખી રૂબરૂ મુલાકાત લઈને મંદિર ઉતારીને નવેસરથી બાંધવું પડશે તેવો મત નક્કી થતાં મંદિર ઉતારવાનું નક્કી કર્યું હતું. જે સમયસર ઉતારીને હવે નવીનીકરણ ડીઝાઈન બનાવી બનાવવા નક્કી કર્યું છે. મંદિરમાં માતાજી તથા અન્ય ભગવાનની મૂર્તિઓ પણ હતી. તેને વિધિવત રીતે પૂજા – અર્ચના કરાવીને હાલના સંજોગોમાં આપણી જ્ઞાતિના એક મિત્રને ત્યાં પધરાવવામાં આવી છે.

માતાજીના મંદિરનું બાંધકામ જેમ બને તેમ જલ્દી શરૂ કરીને ટૂંક સમયમાં નવું બનાવી માતાજીની તથા અન્ય મૂર્તિઓનું ફરીથી સ્થાપના કરવાની ઈચ્છા છે. ભરૂચ શહેરમાં જ્ઞાતિજનોની સંખ્યા ઘણી ઓછી હોઈ જરૂરી ફંડ થઈ શકે તેમ ન હોય – દેશ પરદેશમાં વસતાં ઘણાં જ્ઞાતિજનોને નમ્ર અપીલ કરીને માતાજીના મંદિરમાં બાંધકામ માટે યોગ્ય ફાળો આપવા વિનંતી છે. આપનો ફાળો રોકડા / ચેક / ડ્રાફ્ટ મારફત બેંકનું નામ તથા નંબર લખ્યો છે તેમાં જમા કરાવી શકો છો.

બેંકની વિગત આ પ્રમાણે છે.

વિશા વાયડા જ્ઞાતિ પંચ

બેંક ઓફ બરોડા, ભરૂચ મેઈન, ભરૂચ

એકાઉન્ટ નં. : ૦૨૨૦૦૧૦૦૦૨૫૮૯૫

આ મંદિર બાંધકામનો અંદાજીત ખર્ચ ૧૮ થી ૨૦ લાખ રૂા. થાય એમ છે.

તમામ જ્ઞાતિજનોને રૂબરૂ મળવું આ કોરોના કાળમાં શક્ય ન હોવાથી “વાયડામિત્ર” દ્વારા અપીલ કરવામાં આવી છે. આશા છે કે આ પવિત્ર કાર્યમાં દેશ પરદેશમાં રહેતા

તમામ જ્ઞાતિજનો સહયોગ આપશે તેવી આશા છે.

| ટ્રસ્ટીઓના નામ | મોબાઈલ નંબર |
|---|---|
| મહેન્દ્ર રતિલાલ ચોક્સી | ૯૮૯૮૦૨૬૦૪૫ |
| વિપુલ ચીમનલાલ દલાલ | ૯૮૨૪૦૫૨૨૩૨ |
| હેમંતભાઈ આર. મારફતીયા | ૯૮૨૫૦૨૬૦૦૭ |
| આસિત વાય. તોલાટ | ૯૮૨૪૪૬૩૬૧૩ |

વાયુદેવતાજી મંદિર, અમદાવાદ ભેટ
સુભાષભાઈ મધુકરભાઈ શાહ, ૨૫૦૦/– રૂ. ઘી ના દીવા માટે
રૂપેશભાઈ શાહ, મંત્રી

## જ્ઞાતિ સમાચાર અંગે

આથી તમામ જ્ઞાતિજનોને આગ્રહભરી વિનંતી છે કે આપના કુટુંબના દરેક વ્યક્તિ ને લગતા સમાચાર જેવા કે, જન્મ, પરીક્ષા પાસ (કોઈ પણ ક્ષેત્રમાં મેળવેલ સિધ્ધિ / સફળતા વિગેરે), લગ્ન, અવસાન વિગેરે વાયડામિત્રમાં પ્રસિધ્ધ કરવા જાણ કરવી જેથી આપણી જ્ઞાતિના બધા સભ્યો માહિતગાર થાય અને વધુ પરિચય પણ કેળવાય. હાલમાં મોટા ભાગે કુટુંબના યુવાન પુત્ર / પુત્રી વિગેરે વિદેશમાં કે દેશમાં અન્ય જગ્યાઓએ કાર્યરત હોય છે જેમને લગતા સમાચારો ખૂબ ઓછા આવતા જણાય છે તો આ અંગે ખાસ વિનંતી છે કે વિવિધ સમાચારોની જાણ વાયડામિત્ર દ્વારા જ્ઞાતિના બધા સભ્યોને કરીએ. ઉપરાંત દરેક શહેરના જ્ઞાતિના કાર્યકર્તા સભ્યશ્રી દ્વારા પણ જે તે શહેરના સભ્યોની સિધ્ધિઓ વિગેરેની માહિતી વાયડામિત્ર માટે મોકલવા વિનંતી છે. જેથી વધુ પરિચિતતા કેળવાય.

**– સમાચાર સંપાદક**

# જ્ઞાતિ સમાચાર

**સમાચાર–સંપાદક : દીપક મહેન્દ્રભાઈ શાહ**, દીપક મહેન્દ્રભાઈ શાહ, ૪૦, આરોહી રેસીડેન્સી, બિલોરી સોલિટેર પાસે, સાઉથ બોપલ, અમદાવાદ – ૩૮૦ ૦૫૮

(M) 98791 10027, E-Mail : dmshah2163@gmail.com

૧.) વાયડામિત્ર નહીં મળવા અંગેની ફરિયાદ માત્ર એસ.એમ.એસ., વોટ્સ એપ અથવા પત્ર દ્વારા **ફક્ત વ્યવસ્થાપકશ્રીને** જ મોકલવી જેથી બીજો અંક પોસ્ટ દ્વારા મોકલી શકાય. મેસેજમાં પોતાનું હાલનું અને જૂનું સરનામુ ખાસ લખવું.

૨.) જ્ઞાતિ સમાચાર **ફક્ત સમાચાર સંપાદકશ્રીને** જ મોકલવા.

૩.) લેખ, કવિતા, શ્રધ્ધાંજલિ, જા.ખ તથા અહેવાલ **ફક્ત તંત્રીશ્રીને** જ મોકલવા.

### પરીક્ષા પાસ

આણંદ : શ્રી ચંદ્રકાન્ત પરીખ ની પૌત્રી ચિ. ધ્વનિ અલયભાઈ પરીખે ઓક્ટોબર – ૨૦૨૦માં લેવાયેલ Interior Designing ની ફાઈનલ પરીક્ષા ડીસ્ટીંક્શન સાથે પાસ કરેલ છે.

### લગ્ન

આણંદ : શ્રી ચંદ્રકાંત પરીખના પૌત્ર ચિ. નીલ પારૂલભાઈ પરીખનાં શુભ લગ્ન તા. ૩૦–૧–૨૦૨૧ના રોજ શ્રી મહેન્દ્રભાઈ ચુનીલાલ જોબનપુત્રાની સુપુત્રી ચિ. વૃન્દા સાથે

### અવસાન

ભૂજ : ચંદુલાલ હરિલાલ શાહ, ઉ. વ. ૭૫, તા. ૨–૩–૨૦૨૧ના રોજ.

વડોદરા : મંજુબેન અનિલભાઈ મોદી, ઉ.વ. ૮૪, તા. ૨૨–૩–૨૧નાં રોજ.

### સુવિચાર

– સારી સંપત્તિ અને સારી બુદ્ધિ એક સાથે ભાગ્યે જ હોય છે.

– જાણવું, સમજવું અને જીવનનું એ જ્ઞાનની ટોચે પહોંચવાના માટેના ત્રણ તબક્કા છે.

– વિશ્વાસ એ જીવનની શક્તિ છે.

– તમે આળસને માત્ર “આજ” આપશો તો તે તમારી “કાલ” પણ ચોરી જશે.

– જીવન કર્મથી બને છે અને કર્મ સુવિચારથી બને છે.

– જીભ સુધરે તો જીવન સુધરે, જીભ બગાડે તો જીવન બગાડે.

★★★

## શ્રધ્ધાંજલિ



# સ્વ. હેમન પોપટલાલ શાહ

પરમકૃપાળુ પરમાત્મા આપના

જીવાત્માને ચિર : શાંતિ અર્પે

તેમજ આવી પડેલ દુ:ખ સહન કરવાની

સૌને શક્તિ અર્પે એ જ પ્રાર્થના

**શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ ટ્રસ્ટ**

## શ્રધ્ધાંજલી – જીવન ઝરમર ★★★



### માતૃશ્રી સ્વ. મંજુબેન અનિલભાઈ મોદી
### જન્મ તા. ૨૧–૦૧–૧૯૩૬ શ્રીજીચરણ : ૨૨–૦૩–૨૦૨૧

અમારા પૂજ્ય માતૃશ્રી સ્વ. મંજુબેનને હૃદયપૂર્વક શિષ નમાવીને વંદન. અમારા પ્રેમાળ, હેતાળ, સરળ સ્વભાવના વંદનીય માતાજીને શ્રધ્ધાંજલી.

પાટણનાં વતની દશા વાયડા વણિક પિતા શ્રી દ્વારકાદાસ અને માતા ચતુરલક્ષ્મીના ત્રણ પુત્રો અને બે પુત્રીઓ પૈકી સ્વ. મંજુબેનનો જન્મ તા. ૨૧–૦૧–૧૯૩૬ ના રોજ થયેલો. નાનપણથી ધર્મિષ્ઠ પુષ્ટિમાર્ગીય કુટુંબમાં ઉછરેલ અમારા માતૃશ્રી હસમુખા અને મિલનસાર સ્વભાવના હોવાથી સૌને ગમતા. તેમના લગ્ન પાટણના વતની વિશા વાયડા વણિક શ્રી અનિલભાઈ મોદી સાથે થયેલા. તેઓ લગ્ન પછી ચેન્નાઈ સ્થાયી થયાં હતાં. તેઓ ઘરગથ્થુ ગૃહિણી અને પ્રસન્ન પત્નીનું સુંદર ઉદાહરણ હતાં. તેમને નવું નવું શીખવાની તથા સમસ્ત પરિવારને એક સૂત્રમાં બાંધી રાખવાની સુંદર આવડત હતી. તેમની માતૃવાત્સલતાનો જોટો જડે તેમ નથી.

તેઓ ત્રણ પુત્રીઓની માતા હતાં. મીનળ, રેખા અને નીલુ. તેઓ પરગજુ સ્વભાવના હતા અને કોઈ પણ કામ હસ્તે મુખે કરતા હતાં. તેઓ તા. ૨૨–૩–૨૦૨૧ ના રોજ જૈફ વયે શ્રીજીચરણ પામ્યા છે.

પ્રભુ તેમના પવિત્ર અને નિર્મળ આત્માને પોતાના નિજધામમાં અવશ્ય સ્થાન આપશે.

**મીનળ, રેખા, નીલુ**



## Best Wishes From

# Shri Jethalal Acharatlal Parikh
# & Smt. Vidhyagauri Jethalal Parikh Family

### RJP Infrastructure Pvt. Ltd.
**Civil Engineers & Contractors - Since 1970**
**An ISO 9001 : 2008 Company**
4th Floor, **RJP House**, Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

### J.J. Parikh & Brothers
**Pharmaceutical Distributors**
**Since 1947**
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

### J. Bipinchandra & Co.
**Pharmaceutical Distributors**
**Since 1990**
Nagarshethno Vando
& Biscuit Gali, Nr. Pankor Naka,
Ahmedabad-380001.

### J. J. Parikh Pharma Pvt. Ltd.
**Pharmaceutical Distributors**
**Since 1996**
**C & F Agent for Pharmaceutical Companies**
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

### Late Shri Jashubhai J. Parikh - Adv.
### Mrugesh J. Parikh – Advocate
**Panel Advocate of more than15 insurance companies**
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

### JARUN
### Pharmaceuticals Pvt. Ltd.
**Pharmaceutical Company**
**Since 2007**
3rd Floor Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.

**Ramendra – Gita Parikh**
**Keval – Kinnari**
**Chinmayee, Sharman**
**Vrajesh – Shefali Shelat**
**Om, Arjun**

**Jashubhai – Kokilaben Parikh**
**Harshul – Alpa , Mrugesh - Ratna**
**Bhrita, Darsh, Parita, Darshil**
**Bakul – Nita Dalal**
**Meera – David Burns**
**Chinmay**

**Umakant – Maya Parikh**
**Ina**
**Hiren – Shruti**
**Harshank, Mishika**
**Bhavesh – Shital Choksi**
**Shivam, Ritika**

Regi. under RNI No. 6316/57. Permitted to post at Ahmedabad PSO On 10th of every month under postal regd. No. MEH Dn.-296/2019-2021
Issued By SSP, Mehsana, Valid upto 31-12-2021

પ્રકાશન ૧૦/૪/૨૦૨૧



## ઈન્દુભાઈ ડાહયાભાઈ શાહ પરિવાર

### તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ

મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ,
અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫

# PRINTED BOOK

If undelivered please return to: **SHRENIK PARIKH,** B-7, Shree Siddhi Duplex, nr. Apollo Hospital City Centre, Ambawadi, Ahmedabad - 380006
E-mail : vayvaset@gmail.com

Printed and Published by SHRENIK NAVINCHANDRA PARIKH on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery, 2/B, Ellisbridge Shopping Centre, Behind Ellisbridge Police Station, Opp. Town Hall, Ahmedabad - 380 006 and published from B/7, Shree Siddhi Duplex, Near Apollo Hospital City Centre, Core House, Near Police Quarter, Parimal Garden, Ahmedabad - 380 006. Editor - SHRENIK NAVINCHANDRA PARIKH